


# અંતિમ પડાવ

પી. કે. દાવડા

VISIT…

LANZAROTE Caliente.com

પ્રસ્તાવના

“નિવૃત્તિમાં પ્રવૃત્તિ” જ્યારે લખાતી હતી ત્યારે એક વાત મનમાં ઘુમરાતી રહેતી, અને તે એ કે દરેક અવસ્થાની વાતો જુદી હોય છે, અને તે અવસ્થાની લાગણીઓ પણ ખાસી જુદી.. ભારતથી બધું છોડી, ૭૫ વર્ષની ઉંમરે અમેરિકામાં વસવું એ ખાસી મોટી વાત હતી. મારા બાપુજી તો અમેરિકા આવી ગયા પછી અમને ભાઇઓને કહેતા કે મોટી ઉંમરે હવે અમારા ઝાડને નવી જમીનમાં ના રોપો.. તેવા સમયે દાવડા સાહેબે ઇ મેલ દ્વારા જણાવ્યું કે હું તો મુંબઈનું ઘર વેંચીને હવે અહીં સ્થિર થવા આવ્યો છું, તેથી પહેલી સલામ તો એમના એ નિર્ણય ઉપર જ અપાઇ ગઈ..

ઇ મેલની લેવડદેવડ સાથે ફોન ઉપર પણ ચર્ચા ચાલતી.. મેં તેમને અહીં સમય ગાળવાની બાબતે, અમારા મુ. ધીરુભાઇનું ઉદાહરણ મનમાં રાખતાં, સુચવેલું કે નિવૃતિ અવસ્થા સાચેજ માણવી હોય તો સમાજને પાછું, આપો જરુરી નથી કે પૈસા જ આપવા.....તમને જિંદગીએ આપેલ ખાટામીઠા અનુભવોને અંતે ઉદભવેલી સમજ કે જ્ઞાન આપો. અને તે ચર્ચાને લીધે જ “અંતિમ પડાવ”નો જન્મ થયો.

સાન્ફ્રાન્સિસ્કોમાં મારા હેતૂલક્ષી બીજા પુસ્તક “ નિવૃત્તિનું વિજ્ઞાન” નાં વિમોચન સમયે તેમને મળવાનું થયું, ત્યારે ચંદ્રલેખાબેન ની હાજરીમાં મેં મારું સુચન દોહરાવ્યુ “ લખતા રહો..સમાજ અને સંતાનો ને કાયમ માર્ગદર્શનની જરુર હોય છે.” તેમણે મારી વિનંતિને ધ્યાનમાં રાખી, તો સમાજ ને એક સર્જક, નિરિક્ષક અને ઉચ્ચ માર્ગદર્શક મળ્યો .

આજે તેમના પ્રથમ ગ્રંથસ્થ લખાણોને આવકારતા હું આનંદ અનુભવું છું, અને સાથે સાથે તેમના આવતા સંકલનો માં “મળવા જેવા માણસ”, “ગીતા (મારી સમજ)”, “આઝાદીનો ઈતિહાસ(૧૯૪૨-૧૯૪૭)” ને પણ આવકારુ છું, અને ધન્યવાદ આપું છું, કે તેમણે તેમના સમયને અન્યને ઉપયોગી થવામાં વાપર્યો, જે પ્રેરણાત્મક અને માર્ગદર્શક બન્યો છે. ફરીથી તેમના સર્જનને પૂર્વક વધાવું છું

વિજય શાહ. (૧૧/૨૯/૨૦૧૬)

## અનુક્રમ

# અમેરિકામાં આગમન

જીવનના ૭૫ વર્ષ, સતત કાર્યરત રહેતા મુંબઈ શહેરમા ગાળ્યા પછી, જીવનનો અંતિમ પડાવ ગુજારવા ૧૮મી જન્યુઆરી, ૨૦૧૨ ના, અમેરિકાના કેલીફોર્નિયા રાજ્યના ફ્રીમોન્ટ શહેરમાં આવી પહોંચ્યો.

આજે, મુંબઈમા ગુજારેલા પાછલા ૭૫ વર્ષ ઉપર અછડતી નજર કરવાની ઈચ્છા થઈ છે. પાછલા વર્ષો દરમ્યાન ઈશ્વરે મારા ભાગનું સુખ આપ્યું, મારા ભાગનું દુખ પણ આપ્યું અને એ દુખ સહન કરવાની શક્તિ પણ આપી.

છ બહેનો અને ચાર ભાઈ, આમ દસ ભાઈ-બહેનોના વિશાળ કુટુંબમા ઉછેર, ગુજરાતી-અંગ્રેજી મિક્ષ મિડિયમની શાળામા ભણતર, એંજીનીઅરીંગ કોલેજમા અભ્યાસ માટે ચાર વર્ષ વડોદરામાં વસવાટ, આ બધું નજર સામેથી જાણે કે પસાર થઈ રહ્યું છે. લાર્સન એન્ડ ટુબ્રો જેવી વિશાળ કંપનીમા સાત વર્ષ સુધી નોકરી, ત્યાર બાદ પંદર વર્ષ સુધી સ્ટ્રક્ચરલ એંજીનીઅર તરીકે પ્રાઈવેટ પ્રેકટીસ અને પચાસ વર્ષની ઉમ્મરે જ વ્યવસાયમાંથી નિવૃતિ.

ચાલીસથી વધારે વર્ષોનું લગ્નજીવન, એક દિકરો અને એક દિકરીનો ઉછેર એકંદર સામાન્ય રહ્યું. બાળકો અભ્યાસમા આગલી હરોળમા હોવાથી ખાસ કોઈ મહેનત ન પડી. ૧૯૯૪મા મારો પુત્ર ઉચ્ચ અભ્યાસ કરવા અમેરિકા ગયો અને માસ્ટર્સ ઈન કોમપ્યુટર સાયન્સ કરી અમેરિકામા જ એક સારી કંપનીમા નોકરી મેળવી સ્થાયી થયો. ૧૯૯૮મા મારી પુત્રી ઉચ્ચઅભ્યાસ કરવા અમેરિકા ગઈ અને ફાર્મસ્યુટીકલમા પી.એચડી. કરી, સારી કંપનીમા નોકરી મેળવી, અમેરિકામા સ્થાયી થઈ. બન્ને દર વર્ષે અમને મળવા મુંબઈ આવતા અને દર બે ત્રણ વર્ષે અમે થોડા મહિના માટે અમેરિકા જઈ આવતા. ચોવીસે કલાક જાગતા મુંબઈથી ટેવાયલા અમને, દિવસે પણ સુતેલા હોય એવા ડેનવર, ઓમાહા અને ઈન્ડિયાનાપોલીસથી મુંબઈ પાછા ફરતાં ખૂબ આનંદ થતો.

સમયની સાથે ઉમર વધવા લાગી, બાળકો વિચારવા લાગ્યા કે હવે મા-બાપ એકલા રહે એ યોગ્ય નથી. તેમણે બે વિકલ્પ રજૂ કર્યા, કાંતો અમે કાયમી વસવાટ માટે અમેરિકા આવી જઈએ અથવા તો તેઓ અમેરિકાથી બધું સમેટીને ભારત પાછા આવી જાય. એક વરસ સુધી મિત્રો અને સગા-સંબંધીઓની સલાહ લઈને નિર્ણય લીધો કે અમે જ અમેરિકા આવી જઈએ એમા જ બધાની ભલાઈ છે. બસ નિર્ણય લઈ લીધો. ગ્રીનકાર્ડની પ્રકિયા શરૂ થઈ, એક વર્ષમા એ પૂરી થઈ. ૧૨મી સપ્ટેમ્બર.૨૦૧૧ ના ગ્રીનકાર્ડ મળી ગયું. બસ હવે જ આ નિર્ણયની ગંભીરતા સમજવાની શરૂઆત થઈ.

પહેલો નિર્ણય એ લીધો કે અમેરિકામા શેષ જીવન વિતાવવાના નિર્ણયનો જો પાકો અમલ કરવો હોય તો મુંબઈનું બધું જ સમેટી લેવું, ઘર વેચી નાખવું, અને મિલકત અમેરિકા લઈ જવી. ઘર વસાવવામા ચાલીસથી વધારે વર્ષ લાગેલા, માત્ર ચાર મહિનામા કેમ સમેટાય? ચાર ટ્રક ભરાય એટલો સામાન માત્ર ૨૩ કિલોની ચાર બેગમા કઈ રીતે લઈ જવાય? સહેલો ઉપાય સુઝ્યો. બધી ઘરવખરી હેતુ સંતોષીને કોઈપણ જાતનું વળતર લીધા વગર આપી દેવી. જે જલ્દી પૂરા પૈસા આપી શકે એવી વ્યક્તિને ઘર વેંચી દેવું, ભલે પછી બજાર કીમત કરતાં થોડા ઓછા પૈસા મળે. રૂપિયા-ડોલરના ભાવની પરવા કર્યા વગર, જેમ બને તેમ જલ્દી બેંકની મારફત "રેમિટન્સ" મોકલી દેવું, વગેરે વગેરે. રાત દિવસ દોડધામ કરી, આ બધું સમેટી, સુખરૂપ અમેરિકા આવી પહોંચ્યા.

જીદગીના અંતિમ પડાવમા ખાસ કોઈ અધૂરી ઈચ્છા પૂરી કરવાની ખ્વાઈસ નથી. બસ સારૂં સ્વાથ્ય અને સુખ-શાંતિની જ માત્ર ઈચ્છા છે. ટેલિફોન અને ઈંટરનેટ દ્વારા મિત્રોનું સાનિધ્ય, સુખ-દુખની વાતો અને વિચારોની આપ-લે એ જ મુખ્ય પ્રવૃતિ. કુટુંબ સાથે શેષજીવન ગુજારવા મળવું એ ઈશ્વરે આપેલું બોનસ.

# અમેરિકામાં આવકાર

ભાઈશ્રી અમેરિકામાં તમારૂં સ્વાગત છે. હું ફ્લોરિડામાં રહું છું. તમારી બહેનનું ઘર છે તો જરૂર આવજો, મને આનંદ થશે.
-સીમા દવે.

દાવડા સાહેબ
અમેરિકા આગમન આનંદ પ્રદ હો...અનુકુળતાએ ફોન કરશો. ૨૮૧-૫૬૪-૫૧૧૬
-વિજય શાહ

My Dear Davdaji,

Welcome to California-USA. I am so happy that you have taken firm decision to come to this Country and to spend the remaining part of your life with your Family in USA. I pray God to give you health and Happiness throughout your life.

Murthy. Folsom.CA.95630.USA.

Davda Saheb,
Heartiest congratulations.....
I sincerely feel, you did a right thing. Nothing is more, valuable then a family.
YOU DID THE BEST.
SALUTE TO YOU DAVDA SAHEB.
regards
-Rohit

Dear Friend Davdaji.
I am glad to know that you came back here to live permanently. By Grace of God, you will pass your life happily here with your family.
Nayak. M.S.

Dear kaka,
Thane will not be same now onwards.
I am happy that you are now with whole family, 3 generations under one roof.
Best regards
Himanshu Jani & family

Wish you all the very best for this wonderful decision, although you should have done it a long time back. I personally feel very happy for both of you.
regards
-Navin Daga

All the best in USA Mr & Mrs Davda!!!! You have so many good friends there who will make you laugh and enjoy life. I found friends make life more enjoyable than relatives. So be happy and healthy.
with regards
-Prafulla Reddy

ખૂબ મજા આવી તમારા જીવનની વાતો સાંભળીને. જીવન કેટલું વહેલું પુરૂં થઈ જતું હોય છે. તમારા વિતેલા વર્ષો તમારી આંખ સામેથી બે મિનિટમા પસાર થઈ જાય છે. ખરેખર એવું લાગે છે કે જીવન ફક્ત ચાર દિવસનું હોય છે. આખો જન્મારો જીવન

નવા નવા પ્રશ્નો પૂછે છે... એક પ્રશ્નનો જવાબ નથી મળતો ત્યાં તો પ્રશ્ન જ બદલાઈ જાય છે... જો કે મને ખ્યાલ છે કે તમે જીવનના દરેક પશ્નનો ખૂબ જ સારી રીતે જવાબ આપ્યો હશે, પણ આવું ક્યારે ના બોલો કે જીવનનો અંતિમ પડાવ નજીક છે. દરેક અંત એ નવા કાર્યની શરૂઆત છે...તમે અમેરિકા ગયા છો એ સાંભળીને દુખ થયું, કારણકે ભારતમાંથી એક વડલો ઓછો થયો છે.. અને તમારો છાંયો અમારા જેવી વ્યક્તિઓ ને કદાચ નહિં મળી શકે..પણ તમે તમારા સંતાનો પાસે સુખેથી રહો છો એ વાતનો આનંદ પણ છે. ઓ.કે. wish you all the best for your new life in America...ક્યારેક ક્યારેક ગુજરાતી.નુ પર મળતા રહેજો તો આનંદ થાશે.

-પિયુષ ઠક્કર

સ્વાગત..
આપ ફ્રિમોન્ટ પહોચ્યા છો..અને હું ફ્રિમોન્ટ નજીક ના વોલ નટ ક્રિક થી હાલ અમદાવાદ પહોંચ્યો છું ..પાછો તા .૬/મે/ ૨૦૧૨ ના રોજ આવવાનો છું..
ત્યાં પહોંચી ને આપનો સંપર્ક કરીશ..
મારા અને આપણા જીવન માં ઘણું સામ્ય છે ..આપ ના લખાણો /વિચારો નો હું ચાહક છું..
આપના સાનીધ્યાનો લાભ હું જરૂર લઈશ..
શૈલેષ મહેતા

શ્રી દાવડાજી
આપનો ખુબ ખુબ આભાર..
આપ દુનિયાના ગમેતે ખૂણે સ્થાઇ થાવ પણ આપના વિચારો લેખન રૂપી જરૂરથી દર્શાવશો.
જય શ્રી કૃષ્ણ

-અનિલ ભટ્ટ

શ્રીમાન દાવડા સાહેબ,

આપે મુંબઈના જીવનની ઝરમર રજુ કરીને અમને કાંઈક કરવાની પ્રેરણા આપી તે બદલ આભાર.

બીજું આપનો દિકરો-દીકરી ,એન્જીનિયર, પી.એચડી. છે તે જાણીને ખુબ જ ગૌરવ થયું સાહેબ. તેમને સુંદર ઉચ્ચ કક્ષાનો અભ્યાસ બદલ અભિનંદન.

અમો આપને મિસ કરીએ છીએ, આ માધ્યમથી મળતા રહેશોજી,

-ડો. કિશોર મોહનભાઈ પટેલ

નિરંજન નિરાકાર તુ જ છે તું જ છે. આશા આકાંક્ષાનો ગુણાકાર છે. વરતને ભાગાકાર, સરવાળે બાદબાકી માં શૂન્ય ની શેષ છે.

દાવડા સાહેબ મને આ મારી ઉપરની પંક્તિમાં શૂન્યની કીમત દેખાય છે.
શાબાશ , જિંદગીનો ભાર ઉપાડી સુખમય અંતિમ પડાવ તરફ નાં પ્રયાણ ને શુભેચ્છા
- પ્રહેલાદભાઈ પ્રજાપતિ

## અમેરિકામા અંતિમ પડાવ શા માટે?

ભારતીય યુવાનો, જેમના માબાપ ભારતમા છે, તેમના મનમા સતત આ સવાલ ઊઠતો રહે છે કે હું અમેરિકામા રહું કે ભારત પાછો ફરૂં? મોટી ઉમરના માબાપને ભારતમા એકલા મૂકવાથી કંઈક સંવેદના, કંઈક ગુનેગાર જેવો ભાવ ઘણાના મનમા જાગે છે. પોતાના માબાપને, જેમણે પોતાના દાદા-દાદીની દેખભાળ કરતા જોયા હોય, એવા લોકોને તો ખૂબ જ ક્ષોભ થાય છે.

નિર્ણય લેવો બહુ મુશ્કેલ છે. અમેરિકામા સારો પગાર મળે છે, ઊંચી પદવી છે, ભ્રષ્ટાચાર વગરનું વાતાવરણ છે, સ્વચ્છ વાતાવરણ છે, કોઈપણ પ્રકારના સામાજીક દબાણ નથી અને એમના બાળકો સારી શાળાઓમા ભણે છે. આ બધું શા માટે છોડી દેવું જોઈએ?

પણ ભારતમા વૃધ્ધ માબાપની કોણ સંભાળ રાખશે? જેનો એકાદ ભાઈ કે બહેન ભારતમા હોય તેને થોડી ઓછી ચિંતા થાય છે, પણ જે એકલા સંતાન છે તેમને ખૂબ ચિંતા થાય છે. આવા લોકો માબાપને પૂછે છે, “તમે કહો તો પાછો આવી જાઉં”, મોટા ભાગના માબાપ કહે છે, “જરૂર નથી. અમે અહીં ઠીક છીએ. તારી પ્રગતિ જોઈ અમે ખુશ છીએ.” કોઈક જ માબાપ કહે છે, “હા દિકરા આવી જા, અહીં જે મળશે,તેમા ગુજારો કરશું, ચાર આંખો ભેગી કરીને રહીશું.” બન્ને કિસ્સામા માબાપનો પ્રેમ જ નજરે ચડે છે. બાળકોને આ સમજાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

મા અને પિતા બન્ને જીવતાં હોય ત્યાં સુધી તો તેમની હિમ્મત ટકી રહે છે, છતાં એમના મનના એક ખુણામા સતત બીક હોય છે કે બે માંથી એક નહિં હોય ત્યારે શું થશે?

કેટલાક લોકો માબાપને કહે છે કે તમે લોકો ગ્રીનકાર્ડ લઈ અમેરિકા આવી જાવ.

માબાપ જીવનના આ મુકામે સગાસંબંધી અને ઓળખિતા લોકોને છોડી નવી દુનિયામા એકડેએકથી શરૂ કરતાં અચકાય છે. કદાચ અમેરિકા આવી જાય તો પણ એમના માટે એ મોટા સમર્પણથી કંઈ ઓછું નથી.

કેટલાક લોકો વિચારે છે કે હું વધારે પૈસા મોકલું, નોકર ચાકરની મદદથી ચલાવી લો. નોકરો, વહુ-દિકરા અને પૌત્ર-પૌત્રીનું સ્થાન લઈ શકે? પૈસાથી પ્રેમ અને લાગણી ખરીદી શકાય?

તમને જો ભારત પાછા ફરવાનું અઘરૂં લાગતું હોય તો એમને આ વયે અમેરિકા આવવું કઈ રીતે સહેલું લાગી શકે?

નિર્ણય લેવો બહુ અઘરૂં કામ છે. આ વિષયમા સલાહ આપવાની મારી કોઈ પાત્રતા નથી. પ્રત્યેક વ્યક્તિએ પોતાના આત્માના અવાજ ને અનુસરીને નિર્ણય લેવાની જરૂર છે. હું અને મારી પત્ની, ભારત છોડી બાળકો સાથે રહેવા અમેરિકા આવી ગયા છીએ.

# અંતિમ પડાવનું એક વર્ષ

ગ્રીનકાર્ડ લઈ, કાયમ માટે અમેરિકા વસવાટ માટે આવ્યો એને આજે એક વર્ષ પુરૂં થયું. એક વર્ષને અંતે હું એટલું સમજી શક્યો છું, કે ભારત અને અમેરિકા બન્ને પાસે મનુષ્ય જીવનને આપવા જેવું ઘણું છે. બે માંથી એકની પસંદગી કરવા બીજાની બુરાઈ કરવાની જરૂર નથી. બન્નેમા ઘણું સારૂં છે તો ઘણી ખામીઓ છે. સંજોગોને જ એ નક્કી કરવા દો કે તમારે ક્યાં જીવન વ્યતિત કરવું જોઈયે.

મેં ભારત છોડ્યું ત્યારે મને મનમા દુખ થતું હતું કે હું સગાં-સંબંધી, અડોસી-પડોસી અને મિત્રોને છોડીને ખૂબ દૂર જાઉં છું. પણ આજે હું કહી શકું કે આમાથી મેં કોઈને ગુમાવ્યા નથી. વોનેજ ફોનની સગવડને લીધે હું આ લોકોના સતત સંપર્કમા રહું છું. અહીં પણ ઘણાં નવા મિત્રો મળ્યા છે. ઈંટરનેટની વધારે સારી સગવડ હોવાથી ઈ-મેલ અને બ્લોગીંગની પ્રવૃતિ વધી છે, જેને લીધે ઘણાં નવા મિત્રો બન્યા છે. આ નવા મિત્રોમાંથી મોટા ભાગના અમેરિકામા રહેતા હોવાથી એમની સાથે પણ ફોનમાં વાતચીત થઈ જાય છે.

હું મુંબઈની ૧૫ થી ૩૫ ડીગ્રી સેં. તાપમાનમાં રહેનાર, અચાનક કેલીફોર્નિયાની ૬ થી ૪૧ ડીગ્રી. સેં. ના તાપમાનમાં આવીને શરૂઆતમાં તો હેરાન થઈ ગયો, પણ વસ્ત્રોમા ફેરફાર કરી ધીરે ધીરે અહીંની ઠંડીને અનુકુળ થઈ ગયો. શરૂઆતમાં અમેરિકનોના ઉચ્ચાર સમજવામા મુશ્કેલી આવતી, હજી પૂરી ફાવટ આવી નથી, પણ પહેલા જેટલી મુશ્કેલી નથી પડતી. એકંદર મારો અનુભવ એ છે કે ગોરા અમેરિકનો મળતાવડા છે, અને આપણે માનીએ છીએ એવા attitude વાળા નથી. અહીં હવે કાળા-ગોરાનો ભેદ નાબુદ થવા આવ્યો છે. ભારતિય લોકોને પહેલા કરતાં વધારે સન્માન મળે છે.

અહીં ભારતની જેમ જ દરેક ધર્મના દેવાલયો છે, નોર્થ અને સાઉથ બન્ને પ્રકારના હિન્દુ મંદિરો, અક્ષરધામ, ગુરૂદ્વારા, જૈન દેરાસરો અને સાંઈબાબાના મંદિર છે. ભારતીય લોકોમાં ધાર્મિક શ્રધ્ધા અહીં વધારે પ્રમાણમા જોવા મળે છે. મંદિરોનો

રખરખાવ અને પ્રબંધન સારા છે. મંદિરોમા પ્રસાદ, ભોજન અને લંગર ખરેખર ખૂબજ વખાણવા લાયક છે. લોકો ભેગા મળીને બધા જ ભારતના તહેવારોની ઉજવણી કરે છે. થોડા થોડા દિવસે બે ચાર કુટુંબો ભેગા મળી સાથે જમે છે. આમ ભારત છોડી પરદેશમા રહેવા આવવાના અહેસાસમા ઘટાડો થાય છે.

ભારતને જો આપણે આપણી જન્મભૂમિ તરીકે પ્રેમ કરીએ તો અમેરિકાને પણ આપણે આપણા બાળકોની કર્મભૂમિ તરીકે માન આપવું જોઈએ.

# અમેરિકનોનો અલગ ચોકો

હવે જ્યારે કાયમી વસવાટ માટે અમેરિકા આવી ગયો છું ત્યારે મારી અમેરિકાની પ્રથમ મુલાકાતને પણ યાદ કરી લઉં.

૧૯૯૪મા હું મારા પુત્રની Graduation Ceremony માટે, પહેલીવાર, ૨૮ દિવસ માટે અમેરિકા આવેલો. સૌથી પહેલા મારૂં ધ્યાન ખેંચાયું કે અહિં પેટ્રોલ પમ્પ નથી, ગેસ સ્ટેશન્સ છે. ભારતમા ત્યારે સીએનજી ગેસના પમ્પની શરૂઆત ન થઈ હતી. મારા દિકરાએ સમજાવ્યું કે અહીં પેટ્રોલને ગેસ કહે છે. આ જ સંદર્ભમા બીજી વાત એ જાણવા મળી કે અહીં ગેસ લીટરમા નહિં પણ ગેલનમા મપાય છે. મને થયું હશે, ભારતમા પણ ૧૯૫૦ સુધી ગેલનનું જ માપ હતું. મને એ પણ ખબર હતી કે એક ગેલન એટલે ૪.૫૪ લીટર્સ. પણ અહીં જાણવા મળ્યું કે અહિં એક ગેલન એટલે ૩.૭૮૫ લીટર્સ. મેં રસ્તામા જોયું તો સ્પીડ લીમીટ બધે Miles/Hour લખેલી હતી, આપણે ત્યાં Kilometers/Hour માં લખેલી હોય છે. ગાડીના સ્પીડોમીટર પણ માઇલ્સમાં સ્પીડ દર્શાવતા હતા. મેં જોયું કે આપણે ત્યાં સ્ટીઅરીંગ વ્હીલ જમણી બાજુ હોય છે, અમેરિકામા ડાબી બાજુ. આપણે ત્યાં Keep Left તો અમેરિકામા Keep Right છે.

બીજે દિવસે જોયું તો બધી વસ્તુઓનું વજન અહી પાઉંડ્સમા લખેલું હતું, કીલોગ્રામમાં નહીં. માપ પણ ઈંચમાં, સેન્ટીંમીટરમાં નહીં. તાપમાન પણ અહીં ફેરફનાઈટમાં મપાય છે, સેંટીગ્રેડમાં નહિં. આખી દુનિયામાં જ્યારે ડેસીમલ પધ્ધતિ અમલમા આવી ગઈ છે ત્યારે અમેરિકામાં આ હજી અઘરી જૂની પધ્ધતિ જ ચાલુ છે. માત્ર તેમના એક ડોલરના ૧૦૦ સેન્ટ થાય છે.

વિશ્વના જૂજ દેશને છોડીને બાકીના બધા દેશ Metric System of Units વાપરે છે, પણ અમેરિકા પોતાનું આગવાપણું જાળવી રાખવા પોતાના જૂના જમાનાના માપ-તોલ જ વાપરે છે. કયારેક આને લીધે એમને મોટું નુકશાન પણ ઊઠાવવું પડે છે,

કારણ કે વિજ્ઞાનની કેટલીયે શોધનું ગણિત મેટ્રીક સિસ્ટમમાં હોય છે, અને અમેરિકનો એને કનવર્ટ કરવાનું ભૂલી જાય તો પરિણામ ખૂબ નુકશાન કારક હોઈ શકે.

મોટા સ્ટોર્સમાં અને બીજા અનેક સ્થળોએ મને Rest Rooms ના પાટિયાં જોવા મળ્યા. મને એમ કે અહિં જો કોઈ થાકી ગયું હોય તો એમના માટે બેસવા કે આરામ કરવાની સગવડ હશે, પણ મને ખબર પડી કે એ તો Toilets છે. Toilets ને એ લોકો Rest Rooms શા માટે કહે છે તે તો રામ જાણે.

એક્વાર મારા દિકરાના એક અમેરિકન મિત્રને ત્યાં અમે જમવા ગયા હતા. વાતચીત દરમ્યાન હું બોલ્યો,

"You Americans have everything different." મારા દિકરાએ મને કહ્યું, "પપા આવું ન બોલાય." પછી એણે કહ્યું, "What my father means to say, things are different in America." પછી એણે મને સમજાવ્યું, "You American" થી વાક્ય શરૂ કરીએ તો એમને ખરાબ લાગે, એમને લાગે કે આપણે એમની ટીકા કરીએ છીએ. મેં કહ્યું, આપણે પહેલા ગુજરાતીમા વિચારીએ છીએ અને પછી એનો તરજુમો કરી બોલીએ છીએ એટલે આવું તો થતું રહેવાનું. આ સંદર્ભમા મારા એક ગુજરાતી મિત્રને થયેલો અનુભવ યાદ આવે છે. તેઓ એક ફાર્મસીમા નોકરી કરતા હતા. એકવાર એમની રાતપાળી હતી ત્યારે એમણે જ્યાં દવાઓ રાખવામા આવેલી ત્યાં જીવડાં ફરતાં જોયાં. બીજે દિવસે એમણે એમની અમેરિકન મેનેજર, જે યુવાન અને રૂપાળી છોકરી હતી, તેને વાત કરી. મેનેજરે કહ્યું, "I have never seen them". મારા મિત્ર કહેવા એમ માંગતા હતા કે જો તમે રાતપાળીમા અહીં હો તો તમને હું દેખાડી શકું. એમણે ગુજરાતીમા વિચારીને અંગ્રેજીમા કહ્યું, "If you stay with me at night, I can show you." બસ એમના ઉપર તો આસમાન ટુટી પડ્યું, પણ બીજા એક ગુજરાતી સ્ટાફ મેમ્બરે વહારે આવી, મેનેજરને સમજ પાડી કે આ ભાઈ એમ કહેવા માગે છે કે જંતુઓ રાતે નીકળે છે, એટલે જો આપ રાતે જોવા આવો તો તમને ખાત્રી થશે.

અમેરિકામા રહેવું હોય તો કેટલીક પાયાની વાતો સમજી લેવી સારી, કારણ કે એમનો ચોકો અલગ છે.

અને આ અલગ ચોકો સમજી લઈને આપણા લોકો અમેરિકામા મહત્વના સ્થાનો પર કબજો જમાવી રહ્યા છે. અમેરિકામા ૩૮ % ડોકટરો ભારતીય છે, ૧૨ % વિજ્ઞાનિકો ભારતીય છે, નાસામા ૩૬ % વિજ્ઞાનિકો ભારતીય છે, માઈક્રોસોફ્ટ્મા ૩૪ % સ્ટાફ ભારતીય છે, IBM મા ૨૮ % સ્ટાફ ભારતીય છે, INTEL મા ૧૭ % સ્ટાફ ભારતીય છે અને ઝેરોક્ષમા ૧૩ % સ્ટાફ ભારતીય છે.

# ચેરી પિકીંગ

કાયમી વસવાટ માટે અમેરિકા આવ્યા પછી પહેલો નિર્ણય એ લીધો કે અહીં જો આનંદથી શેષ જીવન ગુજારવું હોય તો અહીંના રીત-રીવાજ, રહેણી-કરણી અને તહેવાર-ઉત્સવો સમજી લેવા જરૂરી છે. અમેરિકન પ્રજા આનંદપ્રિય પ્રજા (Fun loving people) છે. જીવનની પ્રત્યેક પ્રવૃતિમાંથી આનંદના અવસરો શોધી કાઢે છે. આવો એક પ્રસંગ છે, "ચેરી પિકીંગ."

દરેક પ્રકારના ફળોની અલગ અલગ સીઝન હોય છે. અમેરિકામા ચેરીનો પાક મે-જૂન માં તૈયાર થાય છે. આ સમયને સ્થાનિક લોકો "ચેરી પિકીંગ" નો સમય ગણે છે. શહેરથી ૫૦-૬૦ માઈલ દૂર આવેલા ચેરી ફાર્મસમાં રજાને દિવસે સેંકડો લોકો પોતાના કુટુંબ સાથે "ચેરી પિકીંગ" માટે જાય છે. આવા ફાર્મસ "યુ-પિક" ફાર્મસ તરીકે ઓળખાય છે.

સીઝનમા રજાને દિવસે ફાર્મ તરફ જતા રસ્તાઓ ચેરી તોડવા જતા લોકોના વાહનોથી ભરાઈ જાય છે અને ટ્રાફીક ધીમી ગતિએ ચાલે છે. સવારના આઠ વાગ્યાથી ફાર્મમાં જનારા લોકોની ભીડ શરૂ થઈ જાય છે. પ્રત્યેક ફાર્મનું એક મોટું પાર્કિંગ લોટ હોય છે, જેમા ૧૦૦-૨૦૦ ગાડિયો માટે વ્યવસ્થા હોય છે. બીજી અનેક ગાડિયો રસ્તાની બન્ને બાજુ પાર્ક થયેલી જોવા મળે છે.

ફાર્મના પ્રવેશ દ્વાર પર જ તમને બધી જરૂરી માહિતી મળી રહે છે. ફાર્મ એક કુટુંબની માલિકીનું છે કે સહિયારૂં? પાક લેવા કેમિકલ ખાતર વાપરવામા આવે છે કે નહિં? પાકને સુરક્ષિત રાખવા રસાયણો છાંટવામા આવ્યા છે કે નહિં? પ્રવેશ દ્વાર પર તમને પ્લાસ્ટીકની બાલ્દી આપવામા આવે છે. અંદર ફળના ઝાડ એક સરખી લાઈનમા જોવા મળે છે. બે લાઈન વચ્ચે વ્યાજબી અંતર હોય છે. ઊંચી ડાળ ઉપરથી ફળ તોડવા એલ્યુમિનિયમને ફોલ્ડીંગ સીડીઓ ઠેકઠેકાણે પડી હોય છે. તમને ગમે એ ઝાડ ઉપરથી તમને ગમે એ ફળ તોડી તમારી બકેટમા ભેગાં કરો. ફળ મીઠાં છે કે નહિં એ

નક્કી કરવા તમને ગમે એટલા ફળ ખાવાની છૂટ હોય છે, શરત માત્ર એટલી જ કે તમે તોડી ને બકેટમા એકઠા કરેલા ફળ બહાર નીકળતી વખતે તમારે ખરીદવા પડે.

ફાર્મની અંદર નાના મોટા બધાને ઉત્સાહભેર ફળ તોડતા જોવાનો એક લહાવો જ કહી શકાય. નાના બાળકો તો ઝાડ ઉપર ચડીને પણ સારા ફળ કબજે કરવાની કોશીશ કરતા જોવા મળસે. એકાદ કલાકમા ફળ ખાવાની અને તોડવાની પ્રક્રીઆ પૂરી કરી, લોકો ઝાડના છાંયામા બેસી, ઘરેથી લાવેલું ભોજન જમે છે. ફાર્મમા ટેંપરરી ટોઈલેટસ અને હાથ ધોવા વોશબેસીન વગેરેની સગવડ પણ હોય છે. વધારે પડતા માણસો એક સાથે ફાર્મમા ભેગા ન થઈ જાય એટલે પ્રવેશ આપતી વખતે ગણત્રી રાખવામા આવે છે. બે ત્રણ કલાક આનંદમા વિતાવ્યા બાદ લોકો ફાર્મમાંથી બહાર આવી, પોતાના વાહનોમા પાછા ફરે છે.

આપણે ત્યાં તહેવારોમા અપવાસ એકટાણા કરવામા આવે છે, ત્યારે અમેરિકામા તહેવારોમાં લોકો ખાય પિયે છે અને મોજ મસ્તી કરે છે. “હેવ ફન” એ એમનો મહામંત્ર છે.

# ગોરા અમેરિકન

અમેરિકામાં સ્થાયી વસવાટ માટે આવી પહોંચ્યા પછી નક્કી કર્યું કે અહીંના લોકોના સ્વભાવ, રહેણી-કરણી અને રીત-રીવાજ જાણી લેવા. ઈન્ટરનેટની મદદથી એટલું તો જાણી શક્યો કે ૨૦૧૦ના આંકડા પ્રમાણે અમેરિકામાં આસરે ૮૦ ટકા યુરોપવંસી ગોરાઓ છે, ૧૩ ટકા આફ્રીકાવંસી કાળાઓ છે અને બાકીના ૭ ટકા એશિયાવંસી લોકો છે, જેમા ભારતીયો, ચીનીલોકો અને જાપાનીઓનો પણ સમાવેશ થાય છે.

અંગ્રેજોએ આપણા ઉપર દાયકાઓ સુધી રાજ કર્યું હતું, તેથી ગોરી ચામડી પ્રત્યે આપણા મનમાં અનેક પ્રકારની ગ્રંથીઓ બંધાઈ ગઈ છે. હું પહેલીવાર ૧૯૯૪ મા અમેરિકા આવ્યો હતો ત્યારે હું પણ ગોરા લોકો સાથે વાત કરતાં અચકાતો હતો. પણ એક ગોરા કુટુંબે મારી આ જીજક દૂર કરી દીધી. લ્યો માંડીને જ વાત કરૂં.

૧૯૯૪મા મારો પુત્ર ભાવેશ મુંબઈથી B.E. (Electronics) કરી અમેરિકાની University of Denver મા M.S. (Computer Science) કરવા ગયો. કોલેજની નજીક એક ભાડાના Appartment માં રહેવાનું શરૂ કર્યું. શરૂઆતમા જેમ ઘણાને આવે છે તેમ એનો પણ Home sickness નો દોર આવ્યો. એક દિવસ એ Apartmentમાં ભીની આંખે એકલો ગમગીન બેઠો હતો, ત્યારે Tim Lindsey નામનો એનો એક નવો મિત્ર આવ્યો. એણે હકીકત પૂછી. ભાવેશે કહ્યું કે કંઈ નહિં એ તો જરા ઘર યાદ આવી ગયું.

બીજે દિવસે ટીમે એના Parentsને આ વાત કરી. ટીમના Mother Mrs. Barbara Lindseyએ ભાવેશને ફોન કરીને કહ્યું કે સાંજે એ એને મળવા આવસે. શરૂઆતમા ભાવેશ પાસે car ન હતી એટલે Mrs. Lindsy પોતાની ગાડીમા એને પોતાના ઘરે તેડી ગયા અને બે કલાક બાદ પાછા મૂકી ગયા. આ બે કલાક દરમ્યાન એમણે અને Mr. David Lindsey એ ભાવેશને કહ્યું કે અમારા બે દિકરા છે, Tim અને Joe પણ આજથી અમારા ત્રણ દિકરા છે, Tim, Joe અને ભાવેશ. અમેરિકામાં અમે તારા મા-બાપ છીએ. જ્યારે પણ તને એકલું લાગે ત્યારે ફોન કરજે, અમે તને તેડી જઈશું.

બસ ત્યાર બાદ એમના દરેક તહેવાર અને ઊજવણીઓમા ભાવેશને સામેલ કરતા, સગાં-સંબંધીઓ જોડે ભાવેશની ઓળખાણ પોતાના પુત્ર તરીકે કરાવતા. ભાવેશ આ વાત અમને ટેલીફોન પર કરતો, અમને આનંદ સાથે આશ્ચર્ય પણ થતું. ૧૯૯૬મા અમે અમેરિકા ગયા ત્યારે લીંડસી કુટુંબ સાથે અમારી પહેલી મુલાકાત થઈ. એમણે અમને Dinner માટે બોલાવ્યા. અમે સંપૂર્ણ શાકાહારી હોવાથી તેમણે એક અઠવાડિયા પહેલા શાકાહારી ખોરાક રાંધવાના પુસ્તકો ખરીદયા, સામગ્રી ખરીદી, Test meal રાંધી જોયું, અને પછી અમને ઘરે બનાવેલી બ્રેડ, મસૂરની દાળ, ભાત અને શાક અને શાકાહારી ડેઝર્ટ જમાડ્યું. જમતી વખતે એમણે અમને ભાવેશની જરાપણ ચિંતા ન કરવાનું કહ્યું. Mr. Lindsey અમેરિકન સરકારના senior Geologist છે અને Mrs. Lindsey શાળામા શિક્ષિકા છે.

ભાવેશના લગ્ન ૧૯૯૯ માં મુંબઈમાં થયા હતા. લગ્ન પછી ભાવેશ અને એની પત્ની કવિતા અમેરિકા ગયા બાદ તરત લીંડસી ને મળવા ગયા. એમણે કવિતાને કહ્યું ભાવેશ અમારો દિકરો છે, આ હિસાબે તું અમારી પુત્રવધુ થઈ, અમે તારા સાસુ સસરા છીએ. કવિતાએ રાજી થઈ આ સંબંધ સ્વીકારી લીધો. ટીમ તો કવિતાનો સગો દિયર જ થઈ ગયો.

એપ્રિલ ૨૦૦૨ મા મારી પૌત્રી પ્રિષાના જન્મ વખતે અમને કંઈક અડચણ હોવાથી અમે અમેરિકા ન જઈ શક્યા. કવિતાના માતા-પિતાને વિઝા ન મળ્યા. અમે ખૂબ ફિકરમા હતા પણ લીંડસીએ બધું સંભાળી લીધું. પ્રિષા માટે ૨૦૦ ડોલરની બાબા ગાડી અને બીજી અનેક વસ્તુઓની ખરીદી એમણે કરી, અને પોતાના Drawing room મા નાની પ્રિષાનો ફોટો ટાંગ્યો (જે હજી પણ ત્યાં જ છે.) ભાવેશ અને કવિતાને કોઈ કારણસર બહાર જવું હોય તો બે ત્રણ કલાક માટે પ્રિષાને લીંડસીને ત્યાં મૂકી જતા. એમણે, છી છી, સૂ સૂ, મમ મમ વગેરે શબ્દો શીખી લીધેલા. પોતાના સગાંસંબંધી અને મિત્રોને એ પ્રિષાનો ફોટો બતાવી, આ મારી પૌત્રી છે એમ કહેતા.

આ પૂરા સમય દરમ્યાન ભાવેશ અને કવિતા Father's day, Mother's day, લીંડસીના અને એમના છોકરાઓના જન્મદિવસ યાદ રાખી ઊજવણીમા સામેલ થતા. લીંડસી પણ ક્રિસમસ, થેંક્સગીવિંગ વગેરે પ્રસંગોમા ભાવેશ-કવિતા-પ્રિષાને સામેલ કરતા. પ્રિષાને ક્રિસમસ અને એના જન્મદિને મોંગી મોંગી ચીજો ભેટમા આપતા.

૨૦૦૨ અને ૨૦૦૫ની વચ્ચે અમારી અમેરિકાની બે મુલાકાતો થઈ. બંને મુલાકાતોમાં એમના ઘરે જમવાનું થયું. એમનું કુટુંબ પણ પ્રસંગોપાત ભાવેશને ઘરે જમવા આવતું. બન્ને મુલાકાતમાં એમના આગ્રહથી એક આખા દિવસનો programme કરતા. એમા હું, મારી પત્ની અને મીસ્ટર અને મીસિસ લીંડસી, ચારે જણ એમની Lexusમાં ફરવા જતા. એ અમને એમની પસંદગીના જોવા લાયક સ્થળોએ લઈ જતા, ત્યાંની ખાસ ખૂબીઓ સમજાવતા. આખા દિવસની ટુર હોવાથી બપોરે એક સારા ઈન્ડિયન રેસ્ટોરાંમા જમવા લઈ જતા, સાંજે ઈંડા વગરની આઈસ્ક્રીમ ખવડાવતા અને સાંજે અમારા ઘરે મૂકી જતા. આ બન્ને વિઝીટ દરમ્યાન Mother's day બન્ને કુટુંબોએ લીંડસીને ત્યાં ઊજવેલા તો Father's day ભાવેશના ઘરે ઊજવેલા.

૨૦૦૫મા ભાવેશ કેલિફોર્નિયા shift થયો. લીંડસીએ હસતે મોઢે જવા રજા તો આપી, પણ આટલા સમયમા એમણે ખરા હ્રદયથી જે સંબંધ સ્વીકારેલો, તેથી ત્રણેક મહિનામાં જ ભાવેશ અને એનું કૂટુંબ વ્યવસ્થિત settle થયું છે કે નહિં તે જોવા કેલીફોર્નીયા આવ્યા, અને ભાવેશ કવિતાના આગ્રહને લીધે ચાર દિવસ માટે ભાવેશના ઘરે જ રોકાયેલા અને આપણો જ નાસ્તો અને ખોરાક લીધેલો.

બસ પછી રૂટિન શરૂ થયું. થોડા થોડા દિવસે બાર્બરા લીંડસી અને કવિતા ટેલીફોનથી એક્બીજાના ખબર અંતર પૂછી લે, બંને કુટુંબ એક બીજાને તહેવાર અને જન્મદિવસની વધાઈ અને ભેટ સોગાદ મોકલે, અને વરસમા એક્વાર ડેવિડ અને બાર્બરા કેલિફોર્નિયા આવી ચાર દિવસ પ્રિષા સાથે રમી જાય. ભાવેશને કોઈ વડિલની

સલાહની જરૂર હોય તો એ ડેવીડ લીંડસીની સલાહ લે. અમારી ૨૦૦૮ની અમેરિકાની વિઝીટ દરમ્યાન, અમારી ઈચ્છાથી એ અમને મળવા કેલીફોર્નિયા આવ્યા અને ચાર દિવસ અમારી સાથે રોકાયા.

અમને ક્યારે પણ એવું ન લાગ્યું કે અમે એક ગોરા અમેરિકન કપલ સાથે રહિયે છીએ.

બસ આમ આ એક જ કુટુંબે ગોરાઓ વિષેની મારી મુંઝવણ દૂર કરી દીધી. હવે હું ગોરાઓ સાથે અચકાયા વગર વાતચીત કરી શકું છું.

# ભેટનું એપ્રિસિએશન

જ્યારે ગોરા અમેરિકનોની વાત આદરી છે તો બીજો એક પ્રસંગ પણ કહી દઉં. મિત્રોને ભેટ આપવા હું ભારતમાંથી ધાતુની બનેલી નટરાજની તથા ગણપતિબાપાની મૂર્તિઓ લઈ આવેલો. એક અમેરિકન પરિવારમાં મારે ચા માટે જવાનું થયું. પહેલીવાર એમને ત્યાં જતો હોવાથી હું નટરાજની મૂર્તિ “ગિફ્ટ રેપ” કરીને લઈ ગયો. ઔપચારિક હલો-હાય થઈ ગયા પછી મેં તેમને ગિફ્ટ પેકેટ આપ્યું. એમણે થેંક્યુ અને આની કોઈ જરૂર ન હતી વગેરે બોલી, મને પૂછયું, “શુ હું આ ખોલી શકું છું?” મેં હા પાડી, એટલે એમણે સાચવીને પેકેટ ખોલ્યું, મૂર્તિને બે હાથથી પકડી અને એની સામે નજર માંડી રાખીને “વાવ, વાવ, વાવ” એમ ત્રણ વાર એક એક મિનીટના અંતરે કહ્યું. મૂર્તિના વખાણ કર્યા. પછી એમણે મૂર્તિ એમની પત્નીને હાથમા આપી, એમણે પણ વખાણ કર્યા. પછી એમણે એમના પતિને પૂછ્યું આપણે એને પિયાનો ઉપર રાખીશું? પતિએ સંમતિ દર્શાવી એટલે મૂર્તિને પિયાનો પર ગોઠવી. થોડીવાર મૂર્તિ સામે જોઈને પછી ફરી થેંકયુ કહ્યું. આમ ભેટની રસમ પૂરી થઈ.

આપણે ત્યાં, મોટાભાગે ભેટનું પેકેટ થેંક્યુ કહી લઈ લીધા પછી એક બાજુ મૂકી દઈ બીજી વાત શરૂ કરી દે છે. મને જાણવા મળ્યું કે અમેરિકનોમાં “એપ્રિસીએટ” કરવાનો રીવાજ છે.

ભેટ મોંઘી છે કે સસ્તી એનું મહત્વ નથી, ભેટ પાછળની ભાવનાની તેઓ કદર કરે છે.

આવા તો કઈક અમેરિકન રીત-રીવાજ જોવાના અને જાણવાના બાકી છે.

# દેશી દેશી ભાઈ ભાઈ

અમેરિકામા રહેવા આવ્યા પછી થોડા સમય સુધી તો રસ્તે ચાલતા, કે સ્ટોર્સમાં, આપણી આંખો ભારતીય લોકોને ખોળતી હોય છે. જો કોઈ મળી જાય અને વાતચીત કરવા જેવા લાગે તો ત્રણ સ્ટાન્ડર્ડ સવાલ પૂછવામાં આવે છે. ભારતના કયા રાજ્યમાંથી આવો છો? અહીં વિઝીટર છો,  ગ્રીનકાર્ડવાળા છો કે સીટીજન છો? અહીં કોની સાથે રહો છો? અહીં ગમે છે કે ભારતમા રહેવું વધારે પસંદ છે? આ વાતચીત લંબાય તો સંબંધ બંધાય છે, અને લાંબા સમય સુધી એક બીજા સાથે ટેલિફોન વ્યહવાર કે હળવા મળવાનું થાય છે.

ફ્રીમોન્ટમાં હું જ્યાં રહું છું ત્યાંથી દશ મિનીટમાં ચાલીને પહોંચાય એટલા અંતરે એક વિશાળ પાર્ક છે. સોમથી શુક્ર, રોજ સાંજે અહીં ભારતીય સિનીઅર સિટીજન ભેગા થઈ લાફટર કલ્બ ચલાવે છે. એક કલાક હલકી કસરત અને પછી પંદરેક મિનીટ હળવા મળવાનું ચાલે છે. આસરે ૩૦-૪૦ સ્ત્રી પુરૂષ આમાં ભાગ લે છે. ભારતના લગભગ બધા પ્રદેશના લોકો આમાં ભાગ લે છે. અહીં કોઈ ગુજરાતી નથી, મરાઠી નથી, નોર્થ ઇન્ડીઅન નથી કે સાઉથ ઈન્ડીઅન નથી. બસ બધા ભારતીય છે. ભાષા સંબંધોમાં વચ્ચે આવતી નથી, જેવું આવડે તેવું અંગ્રેજી કે હીન્દીથી કામ ચાલી જાય છે. અહીં થયેલી મૈત્રી ઘણાંખરા લોકો લાંબા સમય સુધી જાળવે છે. ભારતમાં આવું ઓછું જોવા મળે છે.

શિષ્ટાચાર

હું રોજ સવારે ચાલવા માટે “વોકીંગ ટ્રેક” પર જાઉં છું. આવતાં જતાં અનેક ગોરા, કાળા અને અન્ય જાતના અમેરિકનો મળે છે. જો એમની અને તમારી નજર મળે તો Hi, Hello, Good Morning, How are you doing, આ ચારમાંથી કોઈપણ એક બોલે છે. તમે સામે હાથ ઉંચો કરો કે હાય-હલો કરો એટલે વાત પતી ગઈ! આ શિષ્ટાચાર

માટે કોઈ  ઊભું રહેતું નથી, બસ ચાલતાં ચાલતાં જ પતી જાય છે. આ માત્ર એક રીવાજ છે. આનો વધારે પડતો અર્થ લઈ, કોઈ પણ જાતની પહેલ કરવા જેવું નથી. હા, લાંબા સમય સુધી રોજ એક જ વ્યક્તિ સાથે આવું હલો હાય થતું હોય તો ક્યારેક થોડી વાતચીત, જેવીકે "આજ મોસમ સારી છે", થવાનો સંભવ રહે છે.

# બે વર્ષ પછી, અહેદ્વારકા

કાયમી વસવાટ માટે અમેરિકા આવ્યાને આજે બે વર્ષ પૂરા થયા. આ બે વર્ષમાં ક્યારે પણ Home sickness જેવી લાગણી નથી થઈ. ભારતમાં જે મિત્રો હતા તેમનો સતત સંપર્ક હજી પણ છે, અમેરિકામાં અનેક નવા મિત્રો મળ્યા.

કેલિફોર્નિયાની આબોહવા અમેરિકાના બીજા અનેક રાજ્યો કરતાં વધારે સારી છે. ભારતીય લોકોની સારી એવી વસ્તી અહીં જોવા મળે છે. ગુજરાતી પ્રજા પણ અહીં ઘણી જોવા મળે છે, અને ગુજરાતીઓ એક બીજાના સંપર્કમાં રહે છે. અહીં ભારત બઝાર અને ઈન્ડિયા કેશ એન્ડ કેરી જેવા મોટા સ્ટોર્સમાં ભારતમાં મળતી એકે એક વસ્તુ મળી રહે છે. ભારતમાં મળતા બધા ફળ અને શાકભાજી અહીં સહેલાઈથી મળે છે. ભારતીય ખોરાક પિરસતી અનેક હોટેલ છે.

ગુજરાતી લોકો માટે નાના મોટા ઘણા સાંસકૃતિક સંગઠનો છે. Bay Area ગુજરાતી સમાજ, ડગલો અને સભા ગુર્જરી, સાંસકૃતિક પ્રવૃત્તિઓ માટે જાણીતા છે. ઈન્સાફ નામની સંસ્થા બધા ભારતીયો માટે છે, અને ભારતીય લોકોને મદદરૂપ પ્રવૃત્તિઓ ચલાવે છે. અહીં ગુજરાતીઓ ભારતમાં ઉજવાતા બધા ઉત્સવો બહુ જ સારી રીતે ઉજવે છે.

અહીંના મંદિરોમાં આવતા લોકોમાં શ્રધ્ધા અને ભક્તિભાવ જોવા મળે છે. મંદિરોમાં શિસ્ત અને સ્વચ્છતા ધ્યાન ખેંચે છે. હું દેરાસર અને ગુરૂદ્વારામાં પણ બે ત્રણ વાર જઈ આવ્યો. કોઈ ભેદભાવ નજરે ન પડ્યો. સ્વામી નારાયણના મંદિરોમાં સ્વયંસેવકોનો ઉત્સાહ જોઈ આશ્ચર્યચકિત થઈ જવાય.

અમેરિકામાં વિશ્વભરના લોકો જોવા મળે છે અને બધા એકબીજાની પડોસમાં શાંતિથી રહે છે. બે વર્ષમાં મારી અનેક ગોરા અમેરિકન, આફ્રીકન અમેરિકન, ચાઈનીઝ અને મેક્સીકન સાથે મિત્રતા થઈ છે. મારા અતિ નીકટના મિત્ર, એલન લી ચાઈનીઝ છે.

અહીંની વાતાવરણની સ્વછતા, શિસ્તબધ્ધ લોકો, બિમારીમાં સારી સારવાર અને કુદરતી નજારાએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું છે. અહીં બીજી એક વાતે મારૂં ધ્યાન ખેંચ્યું, અહીં પાળેલા કુતરાને બહુ લાડ કરવામાં આવે છે, એને બહુ સારી રીતે રાખવામાં આવે છે, અને લોકો એના પપા- મમ્મી કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે.

મારા માટે તો હવે અહ્ઠે દ્વારકા.

૧૮ જાન્યુઆરી ૨૦૧૪

# અમેરિકન બાળકો

અહીં હું જે અમેરિકન બાળકોની વાત કરૂં છું, એ મૂળ યુરોપિયન વંશના અને જેની અનેક પેઢીઓ અમેરિકામાં રહી હોય, એવા બાળકોની વાત કરૂં છું.

અમેરિકામાં ૬૬ % કુટુંબોની વાર્ષિક આવક ૬૦,૦૦૦ ડોલર કે એનાથી ઓછી હોય છે. અમેરિકન કુટુંબમાં બાળકોની સંખ્યા બે કે ત્રણની હોય છે. ૧૨ ધોરણ સુધીનું શિક્ષણ આખા અમેરિકામાં મફત છે.

અમેરિકન માબાપ બાળકોને ખૂબ લાડ-પ્યારમાં ઉછેરે છે. શિક્ષણ મફત હોવાથી, એમાંથી બચેલા પૈસા બાળકોના વસ્ત્રો, રમકડાં અને ઈતરપ્રવૃત્તિઓ પાછળ ખર્ચી નાખે છે. અમેરિકન બાળકોને અતિ આધુનિક રમકડાં, સેલફોન, ટેબલેટ્સ અને લેપટોપ નાની વયમાં જ મળી જાય છે. મા-બાપ બન્ને નોકરી કરતા હોવાથી, બાળકોને ટી.વી., કાર્ટુન ફીલ્મો વગેરે વધુ પ્રમાણમાં જોવા મળે છે. મા-બાપ તો જે સમય મળે એમાં બાળકોને સારી રીતભાત અને સારૂં વર્તન શીખવે છે, પણ શાળામાં અનેક દેશ અને અનેક સંસ્કૃતિના બાળકો સાથે ભણતા હોવાથી, બાળકો અનેક ખરાબ વાતો શીખી આવે છે. વળી અમેરિકન ઘરોમાં વાઈન અને અન્ય પ્રકારના દારૂનો વપરાશ સહેજ હોઈ, નાની ઉમ્મરમાં જ બાળકો એનો સ્વાદ ચાખી લે છે.

અમેરિકન પ્રજાની તંદુરસ્તી સારી હોવાથી, ૧૨-૧૪ વર્ષના બાળકો SEX ની બાબતમાં Active થઈ જાય છે. ૧૬ થી ૧૮ વર્ષના બાળકોના માબાપ આ વાતને બાળકોની અંગત વાત ગણી એમાં માથું મારતા નથી.

૬૬ % કુટુંબોની આવક ૬૦,૦૦૦ ડોલર કે એથી ઓછી હોવાથી, અમેરિકન કુટુંબો પાસે બચત હોતી નથી. અહીં કોલેજનું ભણતર અતિશય મોંઘું છે. મા-બાપ બાળકોને કામ કરી અથવા લોન લઈને ભણવાનું કહે છે. બાળક અનેક પ્રકારના કામ કરી ભણતર શરૂ તો કરે છે, પણ એનાથી ઉત્પન્ન થતા Stress ને પહોંચી વળી શકતા નથી. અનેક બાળકો ભણવાનું અધવચ્ચમાં જ મૂકી દે છે. આને અહીં Dropout

કહેવાય છે. અમેરિકન બાળકો ગણિત અને વિજ્ઞાનના વિષયમાં પણ ભારતીય બાળકો કરતાં કાચા છે, એટલે તેઓ વિજ્ઞાન અને એંજીનીઅરીંગ જેવા વિષયોથી દૂર રહે છે. અમેરિકન કુટુંબોની ઓછી આવકનું આ પણ એક કારણ છે.

અમેરિકન બાળકો શારીરિક શ્રમ કે મહેનતથી દૂર ભાગતા નથી. હાથમાં લીધેલું કામ ચીવટથી અને પૂરી ઇમાનદારીથી કરે છે. મારી પડોસમાં રહેતા અમેરિકન મા-બાપે પોતાના ૧૪-૧૫ વર્ષના દિકરાને ભંગારમાંથી એક ગાડી લાવી આપી. એ ગાડીનું રીપેર મેન્યુઅલ અને ટુલબોક્ષ લાવી આપ્યું. અને સ્પેરપાર્ટસ ખરીદવા ક્રેડીટકાર્ડ આપ્યું. છેલ્લા એક વર્ષથી એ છોકરો રોજના ત્રણચાર કલાક એ ગાડી ઉપર કામ કરે છે, ગાડી લગભગ નવી જેવી દેખાય છે, એંજીન કામ કરતું થઈ ગયું છે. એકાદ મહિનામાં એ DMV માં પાસ કરાવી, રજીસ્ટ્રેશન મેળવી લેશે એવું લાગે છે. હું એને ઘણીવાર કહું છું કે મને Ride આપજે.

# અમેરિકન સંસ્કૃતિ

અમેરિકામાં લોકો આવડતને માન આપે છે. સમયબધ્ધ કાર્યસુચીને માન આપે છે. પોતાના પગ ઉપર ઊભા રહેવામાં ગર્વ અનુભવે છે. અમેરિકનોમાં આ ગુણો તરત જ નજરે પડે છે.

અજાણ્યા માણસો સાથે શરુઆતમાં અમેરિકનો માત્ર સ્મિત કરી કે Hi કહીને પતાવે છે, પણ પરિચય થયા પછી આપણા લોકોની જેમ જ વાતચીત કરે છે, ખબર-અંતર પૂછે છે.

પ્રત્યેક અમેરિકન કોઈ ને કોઈ શોખ કેળવે છે. મોટા શહેરોમાં તેમને આવા શોખ માટે ઘણીબધી સગવડો મળી રહે છે. અનેક અમેરિકનોને પ્રવાસ, રાંધણકળા, લેખન, નદી-સરોવરોમાં હોડી ચલાવવી, રમત-ગમત, વાંચન વગેરે વગેરે પ્રકારના શોખ હોય છે. ફૂટબોલ, બાસ્કેટબોલ, ગોલ્ફ, હોકી અને ટેનીસ તેમની માનીતી રમતો છે.

મોટા ભાગના અમેરિકનો ચોખ્ખાઈના હિમાયતી હોય છે. દિવસમાં બે વાર બ્રસ કરવું, રોજ ઓછામાં ઓછું એકવાર સંપૂર્ણ સ્નાન કરવું એ એમની ખાસિયત છે.

આજના સમયમાં રંગભેદ લગભગ નાબુદ થઈ ગયો છે. અલગ અલગ સંસ્કૃતિના લોકો સહેલાઈથી એકબીજા સાથે હળેમળે છે.

અમેરિકનો સફળતાને ખૂબ મહત્વ આપે છે. જે પણ કામ કરે એમાં એમની સફળ થવાની તીવ્ર ઈચ્છા હોય છે. તેઓ સ્વતંત્રતા અને પ્રાઈવસી ને સર્વોચય સ્થાન આપે છે. એકબીજાના કાર્યક્ષેત્રમાં કે અંગત જીવનમાં માથું મારવાથી દૂર રહે છે. તેઓ વણમાગી સલાહ આપતા નથી.

જીવનમાં પ્રત્યેક પ્રવૃતિમાંથી આનંદ મેળવવા તેઓ હંમેશાં ઉત્સુખ હોય છે. ખરીદી કરવામાં, ખવા-પીવામાં, રમત-ગમતમાં એમ પ્રત્યેક પ્રવૃતિમાં તેઓ આનંદનો અનુભવ કરે છે. આનંદ એમનો જીવનમંત્ર છે.

અમેરિકનો એમના હક્ક માટે ખૂબ જ સજાગ છે. પોતાના અંગત જીવનમાં કોઈની પણ દખલ તેમને માન્ય નથી. સમયની કીમત તેઓ સારી રીતે સમજે છે અને કોઈ પણ વ્યક્તિ કારણ વગર એમનો સમય બગાડે તો તેઓ સ્પષ્ટ રીતે નારાજી દર્શાવે છે.

મોટા ભાગના અમેરિકનોને ધર્મ કરતાં કર્મમાં વધારે વિશ્વાસ છે. તેઓ માને છે કે તમે હાથ જોડીને બેસી રહો તો ઈશ્વર તમને કંઈપણ મદદ નહિં કરે. કામ કરો તો જ કંઈ મળસે.

## અમેરિકામાં સમય

સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયગાળાને આપણે દિવસ કહીએ છીએ અને સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીના સમયગાળાને રાત કહીએ છીએ.

અમેરિકાના પૂર્વ કિનારાથી પશ્ચિમ કિનારા સુધીનું અંતર આસરે ૩૦૦૦ માઈલનું છે. પૂર્વ કિનારે સૂર્યોદય થાય પછી આસરે ત્રણ કલાક રહીને પશ્ચિમ કિનારે સૂર્યોદય થાય છે. આમ અમેરિકાના બે કાંઠા વચ્ચે દિવસ અને દિવસ વચ્ચે આસરે ત્રણ કલાકનો overlap થાય છે. અમેરિકાએ આના ઉપાય તરીકે, અમેરિકાને નવ Time zones માં વિભાજીત કર્યું છે. આમાના ચાર Time zones માં મહ્દ અંશે આખા અમેરિકાનો સમાવેશ થઈ જાય છે.

પૂર્વ કિનારા, એટલે કે એટલાંટીક મહાસાગરને અડતા કિનારાને Eastern Standard Time zone (EST) નામ આપવામાં આવ્યું છે, મધ્ય અમેરિકાને Central Standard Time (CST) નામ આપવામાં આવ્યું છે, આની પશ્ચિમે ડુંગરાળ પ્રદેશને Mountain Standard Time (MST) નામ આપવામાં આવ્યું છે અને અમેરિકાના પેસિફીક મહાસાગરને અડતા પશ્ચિમ કિનારાને Pacific Standard Time (PST) નામ આપવામાં આવ્યું છે.

EST કરતાં CST એક કલાક પાછળ છે, EST કરતાં MST બે કલાક પાછળ છે અને EST કરતાં PST ત્રણ કલાક પાછળ છે.

સમય સાથેની રમતમાં અમેરિકનો માત્ર આટલેથી જ અટક્યા નથી. શીયાળામાં અને ઉનાળામાં સુર્યોદય અને સુર્યાસ્તના સમયને ધ્યાનમાં લઈને વર્ષમાં બે વાર તેઓ ઘડિયાળના કાંટાને આગળ પાછળ કરે છે. આને એ લોકો Daylight Saving Time (DST) કહે છે. દર વર્ષે માર્ચ મહિનાના બીજા રવિવારે ઘડિયાળ એક કલાક આગળ

કરવામાં આવે છે અને નવેમ્બરના પહેલા રવિવારે પાછાં એક કલાક પાછળ કરી દેવામાં આવે છે. આ પ્રક્રિયા યાદ રાખવા માટે બાળકોને શીખવવામાં આવે છે કે spring forward, fall backward; કારણકે માર્ચમાં અહીં spring હોય છે અને નવેમ્બરમાં fall હોય છે.

# અમેરિકામાં પાળેલા કુતરા

આજે સવારના વોક દરમ્યાન મને એક અનોખો અનુભવ થયો. અહીં ઘણી મોટી સંખ્યામા લોકો પોતાના કૂતરાંને વોક કરાવવા લઈ આવે છે. આ કુતારાઓ બધી જાતના હોય છે. નાના નાના સુંદર ગલુડિયાં અને મોટા વાઘ જેવા કુતરાં. હું તો જોઈને છક થઈ ગયો કે આ કુતરાઓ કેટલા બધા ટ્રેઈન્ડ છે. માલિકની અંગ્રેજીમા બોલાયલી બધી વાતો કુતરાં સમજે છે. એક ઉદાહરણ આપું. એક નાનું ગલુડિયું મને જોઈને ભસ્યું. એની માલકણે કુતરાને કહ્યું, “બેડ બોય. ગો એન્ડ એપોલોજાઇસ”. કુતરૂં મારી પાસે આવીને ચુપચાપ ઊભું રહ્યું. મેં કહ્યું, “ઈટ્સ ઓ.કે.” ત્યારે જ એ પાછું ગયું. આવા તો અનેક અનુભવો મને થયા છે. હવે મને પણ આ શિસ્તબધ્ધ કુતરાં ગમવા લાગ્યા છે. જ્યારે પણ હું કોઈ કુતરા સામે પ્રેમથી જોઉં છું, ત્યારે એમના માલિક મારી સામે હસીને આભાર વ્યક્ત કરે છે. જ્યારે પણ હું કુતરાના વખાણ કરૂં છું ત્યારે કુતરા કરતાં એના માલિક વધારે રાજી થાય છે!! માલિકો તો એ બધું સમજતા હોય એવી રીતે એની સાથે વાતચીત કરે છે. જો ન માને તો એને ઠપકામાં માત્ર Bad boy કે Bad girl એટલું જ કહે છે.

અમેરિકામાં ૨૦૧૧ માં એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે અમેરિકામાં બેતૃતિયાંસ ઘરોમાં કોઈને કોઈ પાળેલું પ્રાણી છે, અને આમાં સૌથી વધારે સંખ્યા કુતરાઓની છે. આજે જ્યારે માણસ એક બીજા પ્રત્યે વિશ્વાસ ગુમાવતો જાય છે, ત્યારે પ્રાણીઓની વફાદારી માણસ કરતાં બે વેંત ઉંચેરી મનાય છે.

અમેરિકામાં પાળેલા કુતરા ઘરના એક સભ્યના જેટલો હક ભોગવે છે. ૯૦ % અમેરિકનોએ આ વાતનું સમર્થન કર્યું છે. સર્વેમાં એ પણ જાણવા મળ્યું કે અમેરિકાની ૪૦ % ગૃહીણીઓ માને છે કે એમના પતિ અને એમના સંતાનો કરતાં એમનું કુતરૂં એમને થોડો વધારે પ્રેમ કરે છે.

અહીં અમેરિકનો કુતરા પાછળ સમય અને ધન બન્નેનો દિલ ખોલીને ખર્ચ કરે છે. પોતે કામે ગયા હોય ત્યારે કુતરાને Day Care માં મૂકી જાય છે, જેથી એની ખાવા-પીવાની અને અન્ય સગવડ સચવાય. કુતરાઓ માટે ખાસ Clinics અને Hospitals ની બધે જ સગવડો છે. મારા એક મિત્ર પશુઓના ડૉકટર છે, અને એમની માલિકીની સાત પશુ હોસ્પિટલ છે. એ ધંધામાંથી એ એટલું કમાયા છે કે એમની માલિકીની Real Estate માં ૧૨૦૦ ભાડુત છે, અને એમની સંપત્તિ કરોડો ડોલરની છે.

અમેરિકનો પોતાની Wallet માં પોતાના સંતાનોના ફોટા રાખે છે, અને સાથે પોતાના કુતરાનો પણ ફોટા રાખે છે. કુતરૂં મરી જાય તો તેઓ અતિ ગમગીન થઈ જાય છે, અને શોક પાળે છે. અહીં કુતરાં માટે અલગ કબ્રસ્તાનો છે, અને એની ઉપર મોંઘા મોંઘા Tomb Stone મૂકવામાં આવે છે. ખોવાયલા કુતરાને શોધવા માટે ઈનામની જાહેરાતો આપવામાં આવે છે. ગ્રીટીંગકાર્ડ બનાવનારી હોલમાર્ક કંપનીના કુતરાઓને શુભેચ્છા આપતા કાર્ડસ મોટા પ્રમાણમાં વેચાય છે.

અમેરિકામાં પાળેલા કુતરાઓનું મહત્વ એટલું વધી ગયું છે કે Genetech નામની જગ પ્રસિધ્ધ બાયોટેક કંપનીએ તો કામપર, કુતરા સાથે લાવવાની છૂટ આપી છે, અને એમની સારસંભાળ લેવા વ્યવસ્થા કરી છે. સ્ટોરોમાં કુતરાઓના વપરાશની નવી નવી વસ્તુઓ અને કુતરાઓ માટેનો ખોરાક મોટા પ્રમાણમાં વેચાય છે.

માલિકો પોતાના કુતરાને અબાધિત પ્રેમ કરે છે. બદલામાં કુતરાઓ પણ એમના માલિકને ખરા દિલથી પ્રેમ કરે છે. માલિકની ગંધથી પણ એ પરિચિત હોય છે. આખો દિવસ ઘરમા પુરાયેલા હોવા છતાં, માલિકની ગાડી ઘરના ગેરેજ પાસે આવે તો એમને તરત ખબર પડી જાય છે, અને ભસીને એમને આવકાર આપે છે. ઘર ખુલતાં જ માલિકને વળગી પડે છે. અમેરિકામાં બાળકો મોટા થાય ત્યારે પોતાનું અલગ ઘર વસાવવા માબાપને છોડી જતા રહે છે ત્યારે માબાપની એકલતા ટાળવામાં પાળેલા કુતરા મોટો ભાગ ભજવે છે.

# અંતિમ પડાવના ત્રણ વર્ષ પૂરા

૧૮ મી જન્યુઆરી ૨૦૧૨ ના જીવનના અંતિમ પડાવ તરીકે કાયમી વસવાટ માટે અમેરિકા આવ્યો. લાગલગાટ ત્રણ વર્ષ અહીં રહ્યા પછી મને અનુભૂતી થાય છે કે અહીં કાયમ માટે આવતાં પહેલા મારા મનમાં જે શંકાઓ હતી એ અસ્થાને હતી. અલબત શરૂઆતના થોડા મહીના અડચણો આવી, જેવી કે અમેરિકનો સાથે વાતચીત કરવામાં, અને ખાસ કરીને તેમના ઉચ્ચારો સમજવામાં તકલીફ પડતી. હું બોલું તે અમેરિકનો ન સમજી શકે એવું પણ બનતું. ઘણી બાબતોમાં આપણે જે શબ્દો વાપરીએ છીએ એ જ વાત કહેવા અમેરિકનો જુદા શબ્દોનો ઉપયોગ કરે છે, અને આવા સેંકડો રોજીંદા વપરાશના શબ્દો છે. ધીરે ધીરે મેં એ શબ્દો વાપરવાની શરૂઆત કરી દીધી છે, છતાં હજી પણ આપણે જે શબ્દો વર્ષો સુધી વાપર્યા છે તે જ શબ્દો બોલી જવાય છે.

અમેરિકનો સાથે વાતચીત કરવાનો ભય દૂર કરવા મેં બે નિર્ણય લીધા. (૧) મને સમજ પાડવાની ફરજ એમની છે અને (૨) હું કહું છું એ તેઓ ન સમજે તો એમના નશીબ ! બસ મારૂં કામ સરળતાથી ચાલે છે.

બીજી મુશ્કેલી હતી હવામાનને અનુકુળ થવાની. ૨૫ થી ૩૫ ડીગ્રી સેંટીગ્રેડ વાળા મુંબઈ શહેરમાંથી આવેલા મને ૬ થી ૪૦ ડીગ્રીવાળા વાતાવરણમાં શરૂ શરૂમાં ખૂબ તકલીફ પડી. વસ્ત્રોમાં ફેરફાર, અને શરીરની ટેવાઈ જવાની શક્તિને લીધે હવે હું ૬ ડીગ્રી સેંટીગ્રેડમાં પણ વોક કરવા નીકળી જાઉં છું. અહીં દિવસ અને રાતની લંબાઈ પણ વધઘટ થયા કરે છે. ક્યારેક રાતના આઠ વાગે તડકો હોય છે તો ક્યારેક સાંજે ચાર વાગે અંધારું થઈ જાય છે. હવે દિવસ રાત માટે સૂરજ નહિં પણ ઘડિયાળ ઉપર જ આધાર રાખવો પડે છે. વળી અહીં વરસમાં બે વાર ઘડિયાળને એક કલાક માટે આગળ-પાછળ કરવા પડે છે. ક્યારે આગળ કરવા અને ક્યારે પાછળ કરવા એ યાદ રાખવા માટે મેં ગોખી લીધું, Spring Forward અને Fall Back. બસ સ્પ્રીંગમાં આગળ કરો અને પાનખરમાં પાછળ કરો !

મારા મુંબઈના બહોળા મિત્ર વર્ગને છોડી અમેરિકા આવીને હું એકલો પડી જઈસ એ બીક પણ ખોટી નીકળી. અહીં High Speed Internet અને Vonage Telephone ની સગવડે મુંબઈ સાથેનો સતત સંપર્ક ચાલુ રાખવામાં મદદ કરી, એટલું જ નહિં, અમેરિકામાં મને મુંબઈથી પણ વધારે મિત્રો મળ્યા. નામ લખવા બેસીસ તો પાનું ભરાઈ જશે. મુંબઈમાં તો મારા કચ્છી અને ગુજરાતી મિત્રો જ હતા, અહીં તો ચાઇનીઝ, આફ્રીકન અમેરિકન, ગોરા અમેરિકન અને ભારતના અનેક પ્રદેશના મિત્રો છે. ગુજરાતી મિત્રોની તો વાત જ ન પૂછો, આટલા મિત્રો તો મને પ્રથમ ૭૫ વર્ષમાં પણ નહોત મળ્યા. આ મિત્રોનો પ્રેમ મને અમેરિકામાં સ્થાયી થવાના નિર્ણયને સાચો ઠેરવવામાં ખૂબ જ ઉપયોગી થયો છે.

૧૯૯૪ માં જ્યારે હું પહેલીવાર, માત્ર ૨૮ દિવસ માટે અમેરિકા આવેલો ત્યારે મને મોટે ભાગે ત્રણ પ્રશ્નો પૂછવામાં આવેલા. (૧) આ તમારી અમેરિકાની પહેલી મુલાકાત છે? (૨) તમને અહીં ગમે છે? અને (૩) તમને તમારો દિકરો કાયમ અહી રહે એ ગમે કે ભારત પાછો આવી જાય એ ગમે?

૨૦૧૨ માં હું ગ્રીનકાર્ડ લઈને અહીં આવ્યો ત્યારથી આજ દિવસ સુધી કોઈએ મને આમાનો એક પણ સવાલ પૂછ્યો નથી. આજે ગ્રીનકાર્ડ માટે પડાપડી છે, લોકોને અમેરિકામાં રહેવાનું ગમવા લાગ્યું છે.

૧૯૯૪ માં પંકજ ઉધાસનું “ચીઠ્ઠી આઈ હૈ” ગીત સાંભળી લોકો રડી પડતા, અને “ઘર આજા પરદેશી તેરા દેશ બૂલાયે રે” ગીત સાંભળી ઉદાસ થઈ જતા. આજે આવું કંઈપણ થતું નથી.

થોડા મહિના અગાઉ “સભાગુર્જરી” ના એક કાર્યક્રમમાં હમવતની શ્રોતાઓને મેં મારી આ કવિતા સંભળાવેલી જે સાંભળીને લોકોએ ખૂબ તાળીઓ પાડી હતી.

વતનના ગીત ગાઈ ગાઈને અમે મોટા થયા,

મોટા થઈ, સ્વદેશના ગુણગાનના ગીતો લખ્યા,

લેખો લખ્યા, ભાષણ કર્યા, તાળી પડી, ચંદ્રક મળ્યા.

વર્ષો પછી, અભ્યાસ કરવા બાળકો અમેરિકા ગયા;

કાર, ડોલર, બંગલાના મોહમાં અટવાઈ પડ્યા,

હાલ જોવા બાળકોના, અમે પણ અમેરિકા ગયા,

મોહી પડ્યા ચકાચોંધથી, અમેરિકામાં સ્થાયી થયા.

વતન કેવું? વાત કેવી? અતીતને ભૂલી ગયા,

કહ્યું, શાણા થઈ, છોડો વતનની ખોખલી વાતું,

જયાં સુખ છે, સગવડ છે, વતન તો એજ છે સાચું.

# આ અમેરિકા છે

એક નાના છોકરાની બર્થ ડે પાર્ટી દરમ્યાન નાના છોકરાઓ ઘરના બેકયાર્ડમાં રમતા હતા. બધાના હાથમાં યજમાને આપેલા રંગબેરંગી ગેસ ભરેલા ફૂગા હતા. અચાનક એક બાળકના હાથમાંથી એનો ફૂગો છૂટી ગયો. અંદર ભરેલા ગેસ અને હવાના પ્રવાહોને લીધે ફૂગો ખૂબ જ ઉપર સુધી ગયો. બરોબર એ જ સમયે એક નીચું ઉડતું વિમાન ત્યાંથી પસાર થતું હતું. એક બાળકના પિતાએ કહ્યું, “બસ થઈ રહ્યું, આ અમેરિકા છે, હવે આની ઈનક્વાયરી થશે.” પછી જે વાર્તાલાપનો દોર ચાલ્યો તે આ પ્રમાણે છે.

હવે વિમાનનો પાયલેટ તરત આની જાણ ATC ને કરશે અને કહેશે “મેં મારી ચપળતા વાપરી એટલે disaster માથી બચી ગયો.”

ATC તરત આની જાણ Disater Management ને કરશે. આ ડીપાર્ટમેન્ટ કહેશે, « ભલે હાદસો થતાં થતાં રહી ગયો, પણ આની પાછળ કોઈ કાવત્રું હતું કે નહિં એ શોધી કાઢવું જરૂરી છે. » એટલે તેઓ FBI પાસેથી નીચેના સવાલોના જવાબ માંગસે.

(૧) બલુન ચોક્કસ કઈ જગ્યાએથી છોડવામાં આવ્યું?

(૨) બલુન કોણે છોડ્યું?

(૩) બલુન છોડવાનું કાવતત્રું એનું એકલાનું જ હતું કે અન્ય લોકો સાથે મળીને એણે કાવત્રું રચેલું?

(૪) બલુન એણે ક્યાંથી ખરીદેલું?

(૫) બલુન કોણે મેન્યુફેક્ચર કરેલું?

(૬) એમાં વપરાયલું રબ્બર કયા પ્રકારનું હતું?

(૭) એ રબ્બર અમેરિકામાં તૈયાર થતું ન હોય, તો કયા દેશમાંથી આયાત કરેલું?

(૮) બલુનમાં ગેસ કોણે ભર્યું?

(૯) ગેસ કયા પ્રકારનું હતું?

(૧૦) એ ગેસની વિમાન ઉપર શી અસર થાત?

(૧૧) એ ગેસને લીધે પર્યાવરણ પર કેટલી અસર થાત?

(૧૨) બલુનની દોરી વિમાનની પાંખને વીંટળાત તો વિમાનના સમતુલન ઉપર શી અસર થાત?

(૧૩) ભવિષ્યમાં આવું ન થાય એના માટે કયા ઉપાયો કરવા જોઈયે?

આ બધા સવાલોના જવાબ દસ વર્ષની અંદર મળી જવા જોઈયે. આ તપાસ માટે પાંચ મિલીયન ડૉલરનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે.

એટલામાં યજમાને કહ્યું, “Ladies and Gentlemen, the dinner is served.”

# અમેરિકામાં શાળાશિક્ષણ

અમેરિકામાં શાળાનું શિક્ષણ ફરજીઆત છે. શિક્ષણ કોઈપણ જાતના જાતિ, ધર્મ કે આર્થિક પરિસ્થિતિના ભેદભાવ વગર સૌને કોઈપણ જાતની ફી વગર ઉપલબ્ધ છે. અહીં ૫ વર્ષની વયે કે.જી. માં દાખલ કરવામાં આવે છે અને ત્યાર બાદ ધોરણ ૧ થી ૧૨ સુધીનો અભ્યાસ ૧૮ વર્ષની વયે પૂરો થાય છે. આ ૧૩ વર્ષનું શાળાનું શિક્ષણ મફત છે, જેનો લાભ આસરે ૮૮ % લોકો લે છે. માત્ર ૧૨ % લોકો જ પોતાના બાળકોને ખાસ પ્રકારની શાળાઓમાં ભારે ભરખમ ફી આપી ને મોકલે છે. શાળાનો ખર્ચ રાજ્ય સરકાર અને સ્થાનિક સરકારી સંસ્થાઓ ઉપાડે છે. થોડે ઘણે અંશે બાળકોના વાલીઓનો અનુદાન પણ આમા સામિલ છે.

શાળાઓમાં કોઈપણ જાતના ભેદભાવ વગર સ્થાનિક લોકોને વહેલો તે પહેલો ના ધોરણે દાખલ કરવામાં આવે છે. એક શાળામાં જગ્યા ન હોય તો નજીકની બીજી શાળામાં મોકલવામાં આવે છે, પણ કોઈને પણ એડમિશન નકારવામાં આવતું નથી.

સરકારી શાળાઓમાં કોઈપણ ધર્મની શિક્ષા આપવામાં આવતી નથી. માત્ર સારા સંસ્કાર અને સારા વર્તન ઉપર જ ભાર આપવામાં આવે છે.

કુલ ૧૩ વર્ષના શાળાના શિક્ષણને ત્રણ પ્રકારની શાળાઓમાં વહેંચવામાં આવ્યું છે. કે.જી. થી ૬ ઠ્ઠા ધોરણ સુધી બાળક એક જ પ્રાથમિક શાળાં રહે છે. ત્યાર બાદ ૭ મા અને ૮ મા ધોરણના શિક્ષણ માટે એને માધ્યમિક શાળામાં મોકલવામાં આવે છે. ૯ થી ૧૨ મા ધોરણ સુધીનું શિક્ષણ ઉચ્ચ શિક્ષણ આપતી શાળાઓ (High Schools)માં આપવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં આ વહેંચણીમાં થોડો ફેરફાર જોવા મળે છે. High School ના ચાર વર્ષને કેટલીક જગ્યાએ કોલેજના વર્ષોની જેમ Freshman, Sophomore, Junior અને Senior વર્ષો કહેવામાં આવે છે.

પ્રાથમિક શાળામાં વાંચાવા લખવાનું, મેથ્સ, આર્ટ, વિજ્ઞાન, સોશ્યલ સ્ટડી, અને રમત ગમતને આવરી લેવામા આવે છે. મિડલ સ્કૂલમાં એક પરદેશી ભાષા ઉમેરવામાં

આવે છે અને હાઈસ્કૂલમાં નોકરી કે વ્યવસાયમાં ઉપયોગી વિષયો ઉમેરવામાં આવે છે.

અમેરિકામાં શાળા સોમ થી શુક્ર એમ અઠવાડિયામાં પાંચ દિવસ હોય છે. વર્ષમાં કુલ ૧૮૦ દિવસ શાળા કામ કરે છે. રોજ આસરે ૭ થી ૮ કલાકની શાળા હોય છે, આમા આસરે એક કલાક નાસ્તા માટે અને જમવા માટે ફાળવવામાં આવે છે. ઓગસ્ટના ત્રીજા અઠવાડિયાથી માંડીને સપ્ટેંબરના પહેલા અઠવાડિયા સુધીમાં શાળાનું નવું વર્ષ શરૂ થાય છે અને જુનના અંત સુધી ચાલે છે. વચ્ચે શિયાળામાં વીસેક દિવસની અને વસંત ઋતુમાં દસેક દિવસની રજા હોય છે. શાળાના વર્ષને અંતે આસરે બે થી અઢી મહીનાનું વેકેશન મળે છે.

શાળમાં રમત ગમતને બહુ મહત્વ આપવામાં આવે છે. છઠ્ઠા ધોરણથી કે સાતમા ધોરણથી શાળાની ટીમ્સ વચ્ચે હરીફાઈઓ થાય છે અને રમત ગમતમાં આગળ પડતા લોકોનું શાળામાં સારૂં માન હોય છે.

# અમેરિકામાં ભારતીય સંસ્કૃતિ

અમેરિકામાં વસવાટ દરમ્યાન મને આનંદ સાથે આશ્ચર્ય એ વાતનું થયું કે અમેરિકાની ખૂબ જ શક્તિશાળી સંસ્કૃતિ વચ્ચે પણ ભારતીય સંસ્કૃતિ એના ઉચ્ચતમ ધોરણે ટકી રહી છે. આનો શ્રેય મહદ અંશે અહીં અસ્તિત્વમા આવેલા ધાર્મિક સ્થાનોને જાય છે. અમેરિકાના પ્રત્યેક શહેરમા ઉત્તર ભારતના અને દક્ષિણ ભારતના દેવી-દેવતાઓના મંદિરો છે. શિવ, ગણેશ, રામ, હનુમાન વગેરે ઉત્તર ભારતના હિંદુ મંદિરો અને બાલાજી જેવા દક્ષિણ ભારતના મંદિરો, શિરડીના સાંઈબાબાના મંદિરો, જૈન દેરાસરો, અક્ષરધામ જેવા સ્વામી નારાયણના મંદિરો અને શિખોના ગુરૂદ્વારા ઘણી જગ્યાએ જોવા મળે છે.

આ ધાર્મિક સ્થાનોમા મુલાકાતિઓની સંખ્યા આશ્ચર્ય જનક રીતે મોટી છે. લોકો ગમેતેમ સમય કાઢી મંદિરોમા જવાનું પસંદ કરે છે, એના રખરખાવમાં ફાળો આપે છે અને મનની શાંતિનો અનુભવ કરે છે. આ ધર્મસ્થાનો ભારતના બધા તહેવારોની ઉજવણી માટે જગ્યા અને અન્ય સગવડો પૂરી પાડે છે. માત્ર હોળી-દિવાળી જ નહિં પણ જન્માષ્ટમી, રામનવમી, મહાવીર જયંતિ, ગુરૂનાનક જયંતિ, મકર-સંક્રાન્તિ અને અનેક નાના મોટા તહેવારોની ઊજવણી લોકો હોંશે હોંશે કરે છે. હા, માત્ર આ ઊજવણી એની તિથી પ્રમાને ન કરતાં એની નજીકના શનિવાર કે રવિવારે કરે છે, જેથી નોકરી કરતા લોકોને સગવડ થાય.

આ ધાર્મિક સ્થાનોની સૌથી વધારે ધ્યાન ખેંચે એવી વાત એ છે કે અહીંના મંદિરોમાં જે પ્રસાદ આપવામા આવે છે, એ ભારતમાં પણ મને ઓછું જોવા મળ્યું છે. કેટલાય મંદિરોમાં તો રીતસરનું જમવાનું જ આપવામા આવે છે. અનેક મંદિરોમાં ચા સાથે સારા પ્રમાણમાં નાસ્તો રાખવામા આવે છે. ગુરૂદ્વારાઓમાં તો દર્શન કરી, ઘીમાં લસલ્સતો શીરો પ્રસાદમાં આપવામા આવે છે અને પછી લંગરમાં ઉત્તમ પ્રકારનું ભોજન પીરસવામા આવે છે. આ બધી સગવડ વિના મુલ્યે હોય છે, પણ ભક્તો દાનપેટીઓમા સારી એવી રકમ મૂકી મંદિરમાં યથા યોગ્ય ફાળો આપે છે. નાનામાં

નાના મંદિરમાં પણ ભક્તોએ ચડાવેલા ફળ-ફળાદી અન્ય ભક્તોને પ્રસાદના રૂપમા આપી દેવાય છે.

અમેરિકામાં પણ લોકો પોતાને ઘરે સત્યનારાયણની પૂજા રાખે છે અને કુટુંબીજનો અને મિત્ર વર્ગને આમંત્રે છે. ભારતમાંથી પૂજારીઓને બોલાવી, મંદિરોમાં નોકરીએ રાખવામા આવે છે. આ પૂજારીઓને દાન-દક્ષિણામા પણ સારી એવી રકમ મળે છે. અહીં જ્યોતિષનું કામકાજ કરતા લોકોને પણ ઘરાકો મળી રહે છે.

અમેરિકાના લગભગ બધા જ મોટા શહેરોમાં પાંડુરંગ શાસ્ત્રી દ્વારા સ્થાપિત સ્વાધ્યાય કેન્દ્રો ચાલે છે. આ કેન્દ્રોમાં ભાગ લેનારાઓમાં મોટા ભાગના ગુજરાતીઓ છે. આ કેન્દ્રો વર્ષ દર્મ્યાન અનેક પ્રકારની ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ચલાવે છે. આ કેન્દ્રોમાં ભાગ લેનારો વચ્ચે અજબની કુટુંબ ભાવના જોવા મળે છે.

હજુએ અંગ્રજી શાળાઓમાં અમેરિકનો સાથે ભણતા ભારતીય બાળકો ઘરમાં માતૃભાષામા જ વાત કરે છે, જો કે એમા અંગ્રેજી શબ્દો અને વાક્યો આવી જાય છે, પણ એ સ્વભાવિક છે.

મારા જીવનના આખરી પડાવમા મને જે જોવા મળે છે અને જે અનુભવું છું તેનો સરળ શબ્દોમા ચિતાર રજૂ કરવાનો મારો આ નમ્ર પ્રયત્ન છે.

# અમેરિકામાં ગુજરાતીઓ

ન ગુજરાતમાં રહ્યા, ન અમેરિકાના થઈ શક્યા; માત્ર એટલાંટીક અને પેસેફીક મહાસાગરો ઉપર ચક્કર લગાવતા રહ્યા. ન ગુજરાતીને ભૂલી શક્યા, ન સારૂં અંગ્રેજી શીખી શક્યા; ગુજરાતી લહેકાથી અંગ્રેજી બોલી અમેરિકનોને confuse કરતા રહ્યા. સગાંસંબંધીઓને શીરો ખવડાવી Thanks giving દિવસ ઉજવતા રહ્યા. ન ક્રીસમસ ઉજવી શક્યા, ન બાળકોને સમજાવી શક્યા કે સાન્તાક્લોઝ દિવાળીમાં ન આવે, આપણે ત્યાં દિવાળીમાં લક્ષ્મીજી પધારે. અર્ધી ચડ્ડી પહેરવાનું મન થાય પણ સલવાર ન છૂટી શકી; બહુ બહુ તો જીન્સ ઉપર કુર્તો પહેરીને નીકળી શક્યા. જીન્સની લંબાઇ એડીથી એકાદ ફૂટ ઊંચી રહે તો ચાલે. અમેરિકાની ઠંડીથી તો તોબા તોબા, પણ અહીં ચોદ ડીગ્રી સેંટીગ્રેડ થાય તો પણ આજે બહુ ગરમી છે એમ બોલવું પડે. પીઝા, એનચીલાડા, કેસેડિયા સાથે દાળ-ભાત તો જોઈયે. સવારના નાસ્તામાં ખાખરા સાથે ડૉનટ્સ હોય તો ચાલે. પીઝા ઉપર મીઠું મરચું ભભરાવીને ટેસ્ટી કરી શકાય.

ભારતની મુલાકાતતો લેવી જ જોઈયે, અને ત્યાં હાથમાં પાણીની બોટલ લઈને ફરવું જોઈયે, નહિં તો લોકોને ખબર કેમ પડે કે તમે અમેરિકાથી આવ્યા છો? પણ પાણીપુરી ખવાય, પોટ આઈસ્ક્રીમ ખવાય. Good Night ચાલુ હોય તો પણ Bug Spray છાંટવું પડે, મચ્છરને કેમ ખબર પડે કે આ NRI છે? ભલે ડોલરમાં કમાતા હો, પણ દુકાનદાર સાથે બે-પાંચ રૂપિયાનું Bargain કર્યા વગર કેમ રહેવાય?

ફ્રેંચ, ઈટાલીઅન, બ્રિટીસર કે ડેનીસ, આ બધાની આવી દશા થઈ હશે? કે પછી એ બધાએ અમેરિકાને વતન તરીકે અપનાવી લીધું એટલે આવી બધી દુવિધામાંથી બચી ગયા?

રામ જાણે !

# અમેરિકાના વયોવૃધ્ધ ભારતીયો

આપણા બાળકો ઉચ્ચ અભ્યાસ માટે ૨૦-૨૨ ની ઉમ્મરે અમેરિકા જાય છે. ત્યાં પહોંચ્યા પછી થોડા દિવસ Home sickness અને Cultural shock અનુભવે છે, પણ ત્યાર બાદ ધીરે ધીરે અમેરિકનોની રહેણીકરણી, ભાષા, ઉચ્ચાર, પહેરવેશ વગેરે અપનાવવાનું શરૂ કરી દે છે. ત્યારબાદના ટૂંકા સમયમા જ તેઓ નિર્ણય લઈ લે છે કે તેમને ત્યાં જ રહેવું છે અને પોતાની Carrier બનાવવી છે.

બીજા થોડા ભારતિય યુવાનો H1 B Visa લઈ, નોકરી કરવા અમેરિકા જાય છે, તેઓ પણ Cultural shock અને Home sickness અનુભવે છે પણ તેમાથી વહેલા બહાર આવી જાય છે.

માબાપ પણ આ પરિસ્થિતીનો સ્વીકાર કરી લે છે કે જેથી તેમના બાળકોને  સારી જીંદગી જીવવા મળે. બાળકોને સારી જીંદગી મળે એ માટે તેમણે કરેલી મહેનત સફળ થતી લાગે છે.

એકવાર નોકરીમા ઠરીઠામ થયા પછી તેઓ અમેરિકામા સ્થાયી થયેલી ભારતિય છોકરી, જેને કદાચ તેઓ તેમના શાળા-કોલેજના સમયથી ઓળખતા હોય અથવા નોકરી દર્મ્યાન સંપર્કમા આવ્યા હોય તેની સાથે લગ્ન કરી લે છે. કેટલાક યુવાનો ભારતમા માબાપની પસંદગીની છોકરી સાથે ભારતમા આવી લગ્ન કરે છે, અને પત્નીને H1B કે H4 visa પર અમેરિકા લઈ જાય છે. જો પત્ની પણ ત્યાં નોકરી કરતી હોય તો Double Income Couple તરીકે ખૂબ જ સારી આર્થિક સ્થિતિમા આવી જાય છે. મોટું ઘર, બે ગાડી વગેરે સામાન્ય બની જાય છે, અને આનંદથી જીંદગી પસાર થાય છે.

આ દરમ્યાન પોતાના માબાપ, ભાઈ-બહેન અને મિત્રો સાથે ઈ-મેલ, ટેલિફોન અને વાર્ષિક India Trips થી સંપર્ક જાળવી રાખે છે. તેમના માબાપ અને ભાઈ-બહેન પણ ક્યારેક અમેરિકા એમને મળવા જાય છે અને એમનો વૈભવ જોઈને ખૂબ હરખાય છે.

આમ જીવન સરળતાથી ચાલે છે. હવે તેઓ પોતાનું બાળક ઈચ્છે છે. બાળક જો અમેરિકામા જન્મે તો આપમેળે અમેરિકન નાગરિક બની જાય. વિચાર તો સારો છે પણ થોડા સમય માટે કોઈ ત્રીજી વ્યક્તિની મદદની જરૂર પડસે એમ વિચારી માબાપને કે સાસુ-સસરાને વિનંતિ કરે છે, જેનો સહેલાઈથી સ્વીકાર થઈ જાય છે. વડિલો છ મહિના માટે અમેરિકામા રહેવા તૈયાર થઈ જાય છે.

હવે મુશ્કેલીઓ શરૂ થાય છે. પતિ-પત્ની બને કામ કરે છે. બાળકોની સંભાળ કોણ રાખે. શાળાના કડક નિયમો, રોજ શાળામા મૂકવા અને લેવા જવાનું (શાળા પણ એમની ઓફીસની વિરૂધ્ધ દિશામા જ હોવાની). કોઈ બાળકોને શાળામાંથી લઈ આવે, પછી મા-બાપ ઓફીસેથી આવે ત્યાં સુધી સાચવે વગેરે અહીં ખૂબ જ મોંગું છે. પાછું ઘરે આવીને રાંધવાનું, બાળકોને હોમવર્ક કરાવવાનું- ઉફ આ તો ખૂબ જ કઠીન કામ છે.

અહીં ભારતમા પણ માબાપની ઉમર મોટી થાય છે, એમની ચિંતા થાય એ પણ સ્વભાવિક છે. તેઓ વિચારે છે કે હવે તો તેઓ રીટાયર્ડ છે, તો અહીં અમેરિકામા આવીને અમારી સાથે શા માટે નથી રહેતા? મજાનું મોટું સંયુક્ત કુટુંબ બનાવીને રહેશું. પણ તેઓ એ ભૂલી જાય છે કે સંયુક્ત કુટુંબમા રહેવાની તેમની આદત તો તદન છૂટી ગઈ છે. મા-બાપને સંયુક્ત કુટુંબનો થોડો અનુભવ હોવાથી તેઓ થોડા પ્રોત્સાહિત થાય છે.

માબાપ ઘણા સપના લઈને એક દિવસ અમેરિકા આવી પહોંચે છે. પૌત્ર-પૌત્રિઓ જોડે રમશું, એમને શાળામા મૂકવા લેવા જશું, સાંજે એમને બાગમા રમવા લઈ જશું, દિકરાના મોટા બંગલામા આનંદથી રહેશું, દિકરાની મોટરમા ફરશું, દિકરા અને પુત્રવધુની સેવા પામશું વગેરે વગેરે.

થોડા દિવસમા જ સચ્ચાઈ સામે આવે છે. એમને અંગ્રેજી બોલતાં કે સમજતાં આવડતું નથી, જે થોડું ઘણુ આવડે છે તે અમેરિકન ઉચ્ચારોને લીધે અપૂરતું થઈ જાય છે. ડ્રાઈવિંગ આવડતું ન હોવાથી જાતે તો ક્યાંયે જઈ જ ન શકે. જ્યારે દિકરો કે વહુ લઈ જાય ત્યારે જ ઘરની બહાર નીકળાય. ટી.વી. મા હિંદી ચેનલો મોંઘી હોવાથી ઓછી હોય છે. અમેરિકાની અંગ્રેજી ચેનલોના સમાચાર સમજવામા સમય લાગે છે.બાળકોને રજા હોય ત્યારે કાર્ટુન જોવા ટી.વી. પર તેમનો કબજો હોય છે. વહુ-દિકરો સાંજે થાક્યા પાક્યા ઘેર આવે ત્યારે તેમને થોડું એકાંત અને શાંતિ જોઈએ છે.

થોડા દિવસમા એ પણ સમજાઈ જાય છે કે ઘરની બાબતોમા કોઈ પણ નિર્ણય લેવામા એમનો કોઈ રોલ નથી. કોઈ પણ વસ્તુ એમને પૂછીને કરવામા નથી આવતી. હા, તેમની જરૂરીઆતોનો પુરો ખ્યાલ રાખવામા આવે છે

જે માબાપ પોતાના દિકરા અને તેના કુટુંબ સાથે અહીં રહેવા આવ્યા છે, તેમનુ ભારતમા ખુબ જ સંતોષકારક જીવન હતું. એમનુ માન સન્માન ભરેલું સામાજીક સ્થાન હતું. અડોસ-પડોસ અને સગા-સંબંધીઓમા પ્રેમ ભર્યો આવકાર મળતો. એમનું પોતાનું ઘર હતું. અહીં તેમને લાગે છે કે દિકરાની છતની નીચે રહે છે. દેશમા જે વડિલોનું માન સન્માન હતું, તેમની સુખ સગવડ પ્રત્યે જે વિષેશ ધ્યાન અપાતું એ અહીંની સંસ્કૃતિમા નથી. તેમના બાળકો અજાણતા જ અમેરિકન સંસ્કૃતિની અસરમા આવી ગયા હોય છે. અહીં અજાણતા જ તેઓ પોતાના માબાપની નાની નાની ભૂલોનું પણ ધ્યાન દોરે છે. માબાપની લાગણી આવી ચીજોથી થોડી દુભાય છે.

એમને લાગે છે કે ભલે ભારતમા એમના ઘર નાના હતા, ભલે એ.સી અને રૂમ-હીટર ન હતા, ભલે ચોવીસે કલાક નળમા પાણી નહોતું આવતું પણ ત્યાં એ વધારે comfortable હતા. એમની સંયુક્ત કુટુંબની કલ્પના ભારતના સંયુક્ત કુટુંબની હતી. અમેરિકન સમાજમા એ પ્રથા નથી. તેમના બાળકો અમેરિકન પધ્ધતિને અજાણતા પણ અપનાવી ચૂક્યા હોય છે.

યુવાન પતિ-પત્નીને કુટુંબ ચલાવવા ખૂબ મહેનત કરી કમાવું પડે છે. એમને એમ લાગે છે દાદા-દાદી છોકરાઓ સાથે રમીને ખૂબ જ ખુશહાલ જીવન જીવે છે. એમને એ સમજાતું નથી કે ફક્ત બાળકો સાથે રમવા સિવાય પણ વૃધ્ધ લોકોની બીજી જરૂરિયાતો હોય છે. એમને પોતાની ઉમરના લોકોમા ઊઠવું બેસવું છે, દિકરા અને વહૂ સાથે સુખ દુખની વાતો કરવી છે, ઘઉં ચોખાના ભાવ જાણવા છે, એક અસ્તિત્વ પૂર્વકનું જીવન જીવવું છે.

ભારતમા તેઓ પગે ચાલીને વાણિયાની દુકાનેથી ભાવતાલ કરી વસ્તુઓ ખરીદી લાવતા, પડોસી અને મિત્રોને ચાપાણી માટે બોલાવતા, ગમે ત્યારે પડોસમા ગપ્પા મારવા ચાલ્યા જતા અને આમ એમની એકલતાને દુર ભગાડતા. અહીં આવું કંઈ પણ શક્ય નથી.

એમનું આ દુખ કોઈને દેખાતું નથી કારણ કે પોતાના બાળકોનું ખરાબ ન લાગે એટલે આવી વાતો એ કોઈને કહેતા નથી, ટેલીફોન પર દેશના સગાવહાલાઓને પણ નહિં. હા કોઈવાર પોતાની ઉમ્મરના લોકો જ્યારે ક્યાં મંદિર કે ગાર્ડનમા મળી જાય છે ત્યારે તેઓ ખૂબ જ આનંદમા આવી જાય છે. ક્યારેક દબાતા સૂરમા એકબીજાને સુખદુખની વાતો કહી દે છે.

હવે આ પરિસ્થિતિમા કોઈનો વાંક નથી. છે કોઈની પાસે આ elderly immigrants ના પ્રશ્નોનો ઉકેલ? જો હોય તો જરૂર આ બ્લોગ ઉપર મૂકો, ખૂબ આશિર્વાદ મળશે.

અહીં મેં જે લખ્યું છે એવી જ પરિસ્થિતિ બધા કુટુંબોમા છે એવું મારું કહેવું નથી. મેં ત્યાં જે જોયું છે અને જે હું સમજ્યો છું તે મેં લખ્યું છે.

## H1B Visa

૧૯૯૦ પહેલા પણ અમેરિકામાં ભારતીય લોકો હતા. કેટલાક ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકામાં આવ્યા પછી અહીં જ સ્થાયી થઈ ગયા, જ્યારે કેટલાક લોકો રોજી રોટીની તલાસ માટે Skilled અને Unskilled worker ની category હેઠળ વીસા લઈને આવેલા. અહીં રહેતા મોટા ભાગના ભારતીય લોકોના દિલમા વતનનો તલસાટ જોવા મળતો. તેમની વાતચીતમાં વતનની યાદો અને વતન પ્રત્યેનું ખેંચાણ સ્પષ્ટ રીતે જોવા મળતું. હું ૧૯૯૪ માં પહેલીવાર અમેરિકા આવ્યો ત્યારે મને મળનાર દરેકે દરેક વ્યક્તિએ એના એ જ સવાલ પૂછ્યા; "તમને અહીં ગમે છે? અને તમે શું ઈચ્છો છો, તમારો પુત્ર અહીં જ સ્થાયી થાય કે પાછો ભારત ફરે?" એમની સાથેની સામાન્ય વાતચીતમાં વતન માટેનો ઝુરાપો અને વતનથી દૂર રહેવાની મજબૂરી તરી આવતી હતી. એ અરસામાં પંકજ ઉધાસની ચીઠ્ઠી આઈ હૈ ગજલ બધાની આંખો ભીની કરી દેતી. એ અરસામાં આવેલી ફીલ્મનું ગીત "ઘર આજા પરદેશી તેરા દેશ બુલાયે રે.." સાંભળી તેઓ ગમગીન થઈ જતા.

૧૯૯૪થી જ H1B Visa નો જુવાળ ચડ્યો અને હજારોની સંખ્યામાં યુવાનો IT કંપનીઓમાં નોકરી કરવા અમેરિકા આવવા લાગ્યા. છ વર્ષના ગાળા માટે અપાતા આ વિસા દરમ્યાન જ એ લોકો ગ્રીનકાર્ડ કરાવી લઈ અહીં સ્થાયી થવા લાગ્યા. એમની પાછળ એમના મા-બાપ અને અન્ય કુટુંબીજનો પણ આવવા લાગ્યા. લોસએંજેલસ, ફ્રીમોન્ટ, ન્યુજર્સી, ચીકાગો વગેરે શહેરોમાં ભારતીયોની સંખ્યા એટલી વધવા લાગી કે એકલતા દૂર થવા લાગી. લોકોને ભારતમાંનું તેમના જીવન-ધોરણ અને અમેરિકામાં તેમના જીવન-ધોરણમાં ફરક સમજાવા લગ્યો. ઈંટરનેટ અને ટેલિફોન સસ્તા થવાથી ભારતમાના સગા-સંબંધીઓ સાથેનો સંપર્ક સહેલો બની ગયો,

અને બસ વતન માટેનો ઝુરાપો ઘટવા લાગ્યો. આજે અમેરિકા સ્થિત ભારતીયો કહેવા લાગ્યા છે કે આ દેશ સારો છે, અહીં આવવામાં અમે કોઈ ભૂલ કરી નથી.

લગભગ આવી જ પરિસ્થિતિ વિશ્વના અન્ય દેશોમાં રહેતા ભારતીયોની છે. હવે લોકો વતન માટે લાગણી અને મજબૂરીની વાતો નથી કરતા, હવે વાતો કરે છે રોજગારની તકો અને જીવનધોરણની.

હજરો વર્ષ પહેલા આપણા શાસ્ત્રોમાં “વસુધૈવ કુટુંબકમ” ની જે વાત કરી છે, આપણે એની નજદીક પહોંચી રહ્યા છીએ.

# આ અબ લોટ ચલે

છેલ્લા બે ત્રણ દિવસમાં અલગ અલગ મિત્રો પાસેથી આ વિષય પર મને ૧૫-૨૦ ઈ-મેઈલ મળ્યા. આમ તો આ Storm in Tea Cup જેવું લાગ્યું પણ મને લાગ્યું કે હું પણ આ તોફાનમાં ભાગ લઉં.

આજે આપણો શિક્ષિત વર્ગ બદાયુન જેવી જીંદગી જીવે છે. આજે બેંગલોરમાં, આવતી કાલે લંડનમાં, પરમદિવસે કુપરટીનોમાં. જ્યાં ઘાસ લીલું દેખાય ત્યાં ચરવા નિકળી પડે છે. દરેક જગ્યાએ અલગ સંસ્કૃતિ, અલગ કાયદા-કાનુન, અલગ ખાનપાન અને અલગ ઋતુમાન, અને છતાંય ઉંચી આવક આ બધી વસ્તુઓને ગૌણ બનાવી દે છે. મને લાગે છે કે પંકજ ઉધાસની "ચીઠ્ઠી આઈ હૈ" સાંભળીને રડી પડવાના દિવસો જતા રહ્યા છે. વોનેજથી મફત ફોન થાય છે અને છ સેકંડમાં પત્ર (ઈ-મેઈલ) પહોંચી જાય છે ત્યારે દેશ અને વિદેશ વચ્ચે અંતર ક્યાં રહ્યું? અને એટલે જ મેં આ કવિતા લખી હતી.

વતનના ગીત ગાઈ ગાઈને અમે મોટા થયા,

મોટા થઈ, સ્વદેશના ગુણગાનના ગીતો લખ્યા,
લેખો લખ્યા, ભાષણ કર્યા, તાળી પડી, ચંદ્રક મળ્યા.
વર્ષો પછી, અભ્યાસ કરવા બાળકો અમેરિકા ગયા;
કાર, ડોલર, બંગલાના મોહમાં અટવાઈ પડ્યા,
હાલ જોવા બાળકોના, અમે પણ અમેરિકા ગયા,
મોહી પડ્યા ચકાચોંધથી, અમેરિકામાં સ્થાયી થયા.
વતન કેવું? વાત કેવી? અતીતને ભૂલી ગયા,
કહ્યું, શાણા થઈ, છોડો વતનની ખોખલી વાતું,
જયાં સુખ છે, સગવડ છે, વતન તો એજ છે સાચું.

# ધરતીના બે છેડા

નાનપણથી "ધરતીના બે છેડા" શબ્દોનો પ્રયોગ સાંભળતો આવ્યો છું, પણ કાયમ માટે અમેરિકામા રહેવા આવ્યા પછી એનો ખરો અર્થ સમજાય છે. આમ તો અગાઉ ચાર વાર અમેરિકા આવી ગયો છું, પણ દર વખતે વધારે ધ્યાન હરવા ફરવામાં, ખરીદી કરવામાં, અને નવું નવું જોઈને આશ્ચર્યચકિત થવામાં જ હતું. હવે જ્યારે રોજમઝાની જીંદગી જીવવાનું શરૂ કર્યું ત્યારે ભારત અને અમેરિકા વચ્ચેનો ફરક સમજાવા લાગ્યો છે. જેમ જેમ ફરક સમજાય છે, તેમ તેમ ભારત અને અમેરિકા ધરતીના બે છેડા હોય એવું લાગવા માંડ્યું છે. એક પછી એક વિરોધાભાસની વાત કરૂં.

ભારતમા લોકો તડકાથી બચવા, ટોપી, ફેંટો, સ્કાર્ફ, છત્રી વગેરેનો ઉપયોગ કરે છે, જ્યારે અહીં લોકો તડકા માટે તરસે છે. જે દિવસે થોડો તડકો મળે તે દિવસે લોકોની વાતચીતમા "આજે સારો દિવસ છે" વાક્ય જરૂર સાંભળવા મળે છે. અમેરિકામા તડકાના અભાવમાં શરીરને થંડકથી બચાવવા કઈક જાતના જેકેટસ, હાથના અને પગના મોજા અને માથાની ટોપીઓ જોવા મળે છે અને છતાંય હૈયા સુધી હુંફ પહોંચતી નથી.

અહીં દરવાજાના તાળાં માત્ર ઘરની અંદર આવવા અથવા ઘરથી બહાર જવા માટે જ ખોલવામાં આવે છે, જ્યારે ભારતમા માત્ર રાત્રે સૂતી વખતે જ અંદરથી "લોક" બંધ કરવામા આવે છે. હજી પણ ગામડામા અને શહેરોની ચાલોમા વહેલી સવારથી મોડી રાત સુધી ઘરના બારણાં ખુલ્લા હોય છે. કહેવાય છે કે અમેરિકામા ગુન્હાખોરી ઓછી છે, પોલીસ બહુ સજાગ છે, તેમ છતાં અહીં અસલામતીની ભાવના વધારે છે. અહીં મોટાભાગના ઘરોની "સિક્યુરીટી" ખાનગી કંપનીઓને સોંપવામા આવે છે. પ્રત્યેક ઘરની બહાર, કઈ કંપની ઘરનો ચોકીપેરો કરે છે તેના નામનું પાટીયું લગાડેલું હોય છે.

ભારતમા કોઈપણ શહેરમા રસ્તાપર નીકળો તો સૌથી વધારે માણસો, થોડા વાહનો અને સૌથી ઓછા ઝાડ નઝરે પડે છે. અમેરિકામા સૌથી વધારે ઝાડ, એટલી જ મોટી સંખ્યામા વાહન અને જૂઝ સંખ્યામા માણસો જોવા મળે છે. સવારના અલગ અલગ સમયે મેં અહિં ફ્રીમોન્ટમા “મોર્નીંગ વોક” માટે નીકળી જોયું. ૪૦ મિનીટના વોકમાં મને પાંચ-સાતથી વધારે માણસો જોવા મળ્યા નથી. મુંબઈની ભીડભાડમાં રહેલા મને માણસ દર્શનનો અભાવ ખુબ કઠે છે.

ભારતમા બે જણ થોડીવારમાં જ મિત્રો બની જાય છે, અને જાણે વર્ષોથી એક્બીજાને જાણતા હોય તેમ વાતે વળગે છે. અહિં અજાણ્યા લોકો માત્ર “હાય” કે “ગુડ મોર્નિંગ” થી વધારે બોલતા નથી. નાની મોટી દુકાનોમા પણ સ્ટાફના માણસો માત્ર “ઈસ એવરીથીંગ ગુડ ધીસ મોર્નિંગ?”, “થેંક્યુ” અને આવા થોડા શબ્દો જ બોલે છે. માત્ર પતિ-પત્ની એકબીજાને દિવસમા દસવાર “લવ યુ” કહે છે, જો કોઈવાર ઓછીવાર બોલાય તો તેમને પ્રેમ ઓછો થઈ ગયો છે એવું લાગતું હશે. (મેં છેલ્લા ૫૦ વર્ષમા મારી પત્નીને “લવ યુ” કહ્યું હોય એવું યાદ આવતું નથી, અને છતાંપણ પ્રેમ તો એટલો જ રહ્યો છે!!!)

આમ માત્ર હવામાન જ નહિં, સાંસ્કૃતિક, સામાજીક અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમા ફરક જણાય છે. મને લાગે છે કે હું ધરતીને બીજે છેડે આવી ગયો છું. પણ હવે “અહે દ્વારકા”, બીજું શું?

## હીપ્પી ચળવળની આડઅસરો

૧૯૬૦ ની આસપાસ, અમેરિકામાં કેલિફોર્નીયા રાજ્યના સાનફ્રાન્સીસ્કો શહેરમાં આ ચળવળ શરૂ થઈ. ૧૯૬૫ સુધીમાં એ અમેરિકાભરમાં ફેલાઈ ગઈ, અને દુનિયાના અનેક દેશોમાં આ ચળવળમાં માનનારા પહોંચી ગયા. આ ચળવળને સંસ્કૃતિ વિરોધી ચળવળ ( Counter culture movement) તરીકે ઓળખવામાં આવે છે. આ ચળવળમાં સમાજના બધા, આર્થિક, સામાજીક, ભૌગોલિક અને સાંસ્કૃતિક વર્ગના યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

આ ચળવળના પાયામાં એક વિચારધારા હતી કે જીવન ખુશી માટે છે, બીજાઓને સારૂં લગાડવા માટે નથી. “જેમાં તમને આનંદ મળે, તે કરો, પછી ભલે જે થવાનું હોય તે થાય.” આ એમનો મંત્ર હતો. આ યુવાનો તે સમયની સમાજ રચના, રીતરિવાજ અને સંસ્કૃતિથી નારાજ હતા. સમાજમાં સુખ સગવડ અને પૈસા માટેની દોડથી તેઓ તંગ આવી ગયેલા. લોકો કુદરતથી દૂર થઈ કૃત્રિમ જીવન જીવતા હતા, એવી તેમની માન્યતા હતી. અમેરિકાના વિયેટનામ સાથેના યુધ્ધ અને અણુ શસ્ત્રોની દોડનો પણ એમને વિરોધ હતો.

કુદરત તરફ પાછા વળો (Back to Nature) એ એમનો નારો હતો. આ વાતના પ્રતિક તરીકે એ પોતાના વાળમાં ફૂલો લગાડતા, હાથમાં ફુલોના ગજરા અને ગળામાં ફૂલોના હાર પહેરતા અને એકબીજાને ફૂલો આપતા. આને લીધે તેઓ Flower Children તરીકે પણ ઓળખાતા. પોતાની અલગ ઓળખ બનાવી રાખવા તેઓ અસામાન્ય ડીઝાઈનના અને ભડક રંગોના કપડાં અપનાવ્યા. આ કપડાં પણ એ સસ્તી દુકાનો કે Second Hand Shops માંથી ખરીદતા. છોકરા છોકરી બન્ને લાંબા છૂટ્ટાવાળ રાખતા અને છોકરાઓ દાઢીતા. આ લોકોએ ખોરાકમાં ફળ અને બીજા સાદા શાકાહારી ખોરાકને અપનાવ્યો. બિમારીમાં આયુરવેદિક ઔષધોનો વપરાશ શરૂ કર્યો. ગીત સંગીતને પણ બહુ મહત્વ આપ્યું. ભણવાનું છોડી, ઘર છોડી, ટોળાંમાં રહેવાનું શરૂ કર્યું. સત્તાવાળાઓના ગેરવાજબી હુકમોનો અનાદર કરવાનું શરૂ કર્યું, અને

Personal Liberty નો વિચાર આગળ કર્યો. આ ચળવળમાં જે થોડા ખરાબ તત્વો ભળી ગયા, તેમાં અબાધિત Sex અને નશીલા પદાર્થોના સેવનનો સમાવેશ થાય છે. નશીલા પદાર્થમાં મુખ્યત્વે તેઓ LSD નો ઉપયોગ કરતા, જેનાથી તેઓ એમની આસપાસની દુનિયાને ભૂલી જવાનો પ્રયત્ન કરતા.

મોટાભાગે હિપ્પીઓ ટોળાંમાં રહેતા, પ્રવાસ માટે ખાસ પ્રકારની ચિતરેલી બસનો ઉપયોગ કરતા, અને વણઝારાની જેમ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહેતા. પ્રેમ, સૌંદર્ય, SEX, સંગીત, સહિયારી માલીકી અને સહિયારૂં જીવન, એમના આકર્ષણના વિષયો હતા.

૧૯૬૭ ના મધ્યમાં સાનફ્રાન્સીસ્કોમાં એમની ચળવળ નરમ પડી એટલે એમણે પૂર્વ કાંઠા તરફ પ્રયાણ કર્યું, અને ન્યુયોર્કને ચળવળનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું. ૧૯૭૦ થી ચળવળના વળતા પાણી થયા અને ૧૯૭૫ સુધીમાં હીપ્પી સંસ્કૃતિ લગભગ અદૃષ્ય થઈ ગઈ.

હિપ્પી ચળવળની આડઅસરોમાં કેટલીક સારી હતી. સંગીતની લોકપ્રિયતા વધી, ટેલિવીજન, ફીલ્મ ઉદ્યોગ, આર્ટ અને સાહિત્યમાં નવા આયામો ઉમેરાયા. સ્ત્રી પુરૂષના સંબંધોમાં મોટો બદલાવ આવ્યો, લગ્ન વગરની Sex માંથી શરમ અને તિરસ્કારની ભાવના ઘટી ગઈ, સંબંધોમાં જાતિ અને ધર્મનું મહત્વ ઘટી ગયું, કાળા-ગોરાના ભેદભાવ ઓછા થયા. વસ્ત્રોની પસંદગીનું મહત્વ ઘટી ગયું, શાકાહારી અને કુદરતી ખોરાક પ્રત્યેનું આકર્ષણ વધ્યું અને બાળકોને ઉછેરવાની બાબતમાં ફેરફાર થયા.

મને છેલ્લા ચાર વર્ષમાં અમેરિકામાં યુવાનોમાં હિપ્પી કલ્ચર જોવા મળ્યું નથી, પણ અહીં ૧૯૬૦ થી રહેતા મિત્રો કહે છે, કે હાલમાં આપણે વસ્ત્રો, વ્યહવાર અને વર્તનમાં જે સહેજ સ્વભાવિકતા જોઈએ છીયે, એ હિપ્પી ચળવળનું પરિણામ છે.

# સિલીકોન વેલી

અમેરિકાના પશ્ચિમ કિનારે, પેસિફીક મહાસાગરને અડીને આવેલું કેલિફોર્નિયા રાજ્ય આબોહવાની દૃષ્ટિયે સૌથી વધારે આકર્ષિત રાજ્ય છે. અહીંના Bay Area ના દક્ષિણ ભાગના એક નાના હિસ્સાને સિલિકોન વેલી એવું હુલામણું નામ આપવામાં આવ્યું છે. અહીં વિશ્વની મોટામાંમોટી HIghtech કંપનીઓની વિશાળ ઓફીસો કાર્યરત છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા હજારો નિષ્ણાતો અહીં રોજ નવીનવી શોધ કરી, ઈલેકટ્રોનિક ક્રાંતિને આગળ ધપાવે છે.

૧૯૫૬માં વિલીયમ શોકલી નામના વૈજ્ઞાનિકે અહીં Shockly Semiconductor Laboratory શરૂ કરી. એણે એ સમયમાં સેમીકંડક્ટર બનાવવા માટે વપરાતા Germanium ની જગ્યાએ silicon વાપરવાની શરૂઆત કરી. ૧૯૫૭ માં એની કંપનીમાં કામ કરતા આઠ વૈજ્ઞાનિકોએ, શોકલીની વર્તણૂકથી નારાજ થઈ, Fairchild Semiconductor નામની કંપની શરૂ કરી.

૧૯૫૭ માં રશિયાએ સ્પુટનીકને પૃથ્વીની પરિભ્રમણ કક્ષામાં સ્થાપી, અમેરિકા ઉપર ટેકનિકલ સરસાઈ મેળવી કે તરત અમેરિકાએ કમર કસી. આ રેસમાં રશિયાથી આગળ નીકળી જવા આધુનિક Electronic સાધનોની જરૂર હતી, અને એ જરૂરત પૂરી કરવા અમેરિકાની યુનીવર્સિટીઓ અને ઉદ્યોગોએ બીડું ઝડપ્યું. ૧૯૫૮ માં અમેરિકાની સરકારે NASA ની સ્થાપના કરી,  સાથે સાથે Fairchild Semiconductor કંપનીને પણ જરૂરી મદદ કરી.

આ વિસ્તારમાં આવેલી અમેરિકાની પ્રખ્યાત Stanford University નો આ વિસ્તારના વિકાસમાં ઘણો મોટો ફાળો છે. યુનીવર્સીટીએ પોતાના વિદ્યાર્થીઓને ઉદ્યોગો શરૂ કરવા માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું. આ વિસ્તારમાં સ્થપાયેલી HP જેવી અનેક જગપ્રસિધ્ધ કંપનીઓ આ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરાઈ હતી.

Silicon Valley શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ ૧૯૭૧ માં Microelectronics News મેગેઝીનના તંત્રીએ, એ વિસ્તારમાં થતા વિકાસ વિષે લખેલી એક લેખમાળાના શિર્ષક તરીકે કરેલો. ૧૯૮૦ સુધીમાં એ વિસ્તારની ઓળખ માટે એ ચલણી શબ્દ બની ગયો.

આજે ઈલેકટ્રોનિક્સ ઉદ્યાગની બધી વિશ્વ વિખ્યાત કંપનીઓની આ વિસ્તારમાં હાજરી છે. જો થોડાક નામ ગણાવું તો Adobe, AMD, Apple, Cisco, Face Book, Google, HP, Intel, Oracle, Sun Microsystems, Symantec, અને Yahoo.

સિલીકોન વેલી આજે Hub of Startup Companies  તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત છે. સૌથી વધારે Venture Capital આ વિસ્તારમાં વપરાય છે.

આ સિલીકોન વેલીના વિકાસમાં ભારતીય ઍંજીનીઅરોનો પણ ગણના પાત્ર ફાળો છે. આ ક્ષેત્રમાંથી સફળ થઈ, અઢળક ધન કમાયલા ભારતીયોના થોડા નામ ગણાવું તો, વિનોદ ખોસલા, કંવલ રેખી, પદ્મશ્રી વોરીયર, વિવેક વાધવા, વિનોદ ધમ, સત્યા નાદેલા, સબીર ભાટીયા, રુચી સંઘવી અને બીજા અનેક લોકોના નામ ગણાવી શકાય.

એક સમયે સિલીકોન વેલીમાંથી જ સ્ટીવ જોબ્સે દુનિયા બદલવાની ગર્જના કરી હતી અને અહીંથી જ બિલ ગેટે દુનિયા સર કરી હતી.

આજથી પચાસ વર્ષ પહેલા જ્યાં ફળના વિશાળ બગીચા હતા, ત્યાં આજે આલીશાન ઓફીસોમાં ફળદાયી ઉદ્યોગોનું સંચાલન થઈ રહ્યું છે.

એક વાત જે ખાસ ધ્યાન ખેંચે છે તે છે સિલીકોન વેલીનું કોર્પોરેટ કલ્ચર અને વર્ક કલ્ચર. અહીં કંપનીઓ વચ્ચે Best talent ને આકર્ષવાની હોડ લાગી છે, અને આને માટે અનેક પ્રકારના Perks નું પ્રલોભન આપવામાં આવે છે. કામે આવવા જવા માટે Wi-Fi સજ્જ A.C. બસ એ તો સામાન્ય વાત છે, પણ કામ પર પહોંચ્યા પછીના આકર્ષણો હેરત પમાડે એવા છે. ગુગલની જ વાત કરૂં તો ત્યાં પાંચ-સિતારા હોટેલની કક્ષાનું ખાવા-પિવાનું, જાત જાતની indoor અને outdoor રમતો માટેની સગવડ, સ્વીમીંગપૂલ, વાળ કપાવવા માટે સલૂન, કપડા ડ્રાય ક્લીન કરવાની સગવડ,

કારવોશ, ઈલેક્ટ્રીક કારની બેટરી ચાર્જ કરવાની સગવડ, જીમનેશીયમ અને આવી અનેક સગવડો તદ્દ્ન મફત. કામ અંગે મોડે સુધી રોકાવું પડે તો ત્યાં રહેવા માટે પાંચ સિતારા હોટેલ જેવી સગવડ. કેટલીકવાર તો એમ લાગે કે કામપર આટલી બધી સગવડ હોય તો વગર પરણેલાઓએ ઘરે જ શા માટે જવું જોઈએ?!!

જો તમારામાં આવડત હોય, અને તમારે ધનકુબેર થવું હોય, તો સરનામું છે સિલીકોન વેલી.

# જોવા લાગય સ્થળ

આમ તો અમેરિકામાં સેંકડો જોવા લાયક સ્થાનો છે, પણ એના વર્ણન માટે એકથી વધારે પુસ્તકો લખવા પડે. આ નાનકડા લેખમાં હું માત્ર ત્રણ સ્થાનોનું ટુંકમાં વરણ આપું છું.

## ગ્રાંડ કેનિયન

અમેરિકાના જોવા લાયક સ્થળોમાં ગ્રાંડ કેનીયન નું નામ મોખરે છે. અમેરિકાના એરીઝોના રાજ્યમાં આવેલી આ ખીણ, દુનિયાની સાત અજાયબીઓમાની એક છે. ૨૨૭ માઈલ લાંબી, ૧૮ માઈલ પહોળી અને એક માઈલથી પણ વધારે ઊંડી આ ખીણમાં પૃથ્વીનો લાખો વર્ષનો ઈતિહાસ જોવા મળે છે. કુલ ૧૯૦૦ ચોરસ માઈલ જેટલા પ્રદેશને આવરી લેતી આ ખીણની બન્ને બાજુએ ઉપર સુધી નજર કરો તો અનેક રંગના પથ્થરોના થર જોવા મળસે. ૧૭૦ લાખ વર્ષ પહેલા અહીંથી શરૂ થયેલી કોલોરાડો નદીનો પણ આ ખીણની રચનામાં મોટો ફાળો છે. તમે એમ કહી શકો કે કોલોરાડોના ઉચ્ચપ્રદેશમાં પડેલી આ એક મોટી દરાર છે.

૧૯૧૯ માં અમેરિકન સરકારે એને રાષ્ટ્રીય ધરોહર જાહેર કરી. આજે દર વર્ષે ૧૦૦ દેશોમાંથી આસરે ૫૦ લાખ માણસો આ ખીણ જોવા આવે છે.

## યલોસ્ટોન નેશનલ પાર્ક

યલોસ્ટોન નેશનલ પાર્ક અમેરિકાના ત્રણ રાજ્યોમાં ફેલાયલું છે, વાયોમિંગ, મોન્ટાના અને ઈડાહો. ૧૮૭૨ માં એને નેશનલ પાર્ક તરીકે માન્યતા આપવામાં આવી. આ પાર્ક એના ભૂગર્ભમાં રહેલા ગરમ પાણીના ફૂવારા, કુદરતી નજારા, જંગલો અને વન્ય પશુ-પક્ષીઓ માટે જાણીતું છે.

આસરે ૩૪૭૦ ચોરસ માઈલમાં ફેલાયલા આ પાર્કમાં ડુંગરો, ખીણો, સરોવરો અને નદીઓ બધું જ છે. યલોસ્ટોન સરોવર એ ઊંચાઈએ આવેલા સરોવરોમાં સૌથી મોટું સરોવર છે. અમેરિકાનો સૌથી મોટો જવાલામુખી કેલેન્ડ્રા પણ આ પાર્કમાં જ છે. મોટા ભાગની પાર્કની જમીન આ જ્વાળામુખીના લાવા અને ભસ્મથી ઢંકાયલી છે.

પાર્કમાં સેંકડો પશુઓ, પક્ષીઓ અને જળચર જીવો જોવા મળે છે. અનેક જાતના ઝાડોથી છવાયલા જંગલો, ઘાસના વિશાળ મેદાનો, ઝરણાં, ધોધ, નદીઓ અને સરોવરો જોઈ કુદરતના સાનિધ્યનો અનુભવ થાય છે. અહીં જંગલી ભેંસોના ધાડાં, જંગલી ઘેટાં-બકરાં, ઘોડા, હરણ અને સાબરના ટોળાં, વરૂઓ અને રીંછ સહેલાઈથી જોવા મળે છે.

આ પાર્કનું મુખ્ય આકર્ષણ છે પાતાળમાંથી ખૂબ ઊંચે સુધી ઉડતા ગરમ પાણીના ફૂવારા છે. આવા ફૂવારા સેંકડોની સંખ્યામાં દૂર દૂર સુધી ફેલાયલા જોવા મળે છે, પણ એમા સૌથી પ્રખ્યાત ફૂવારો છે ઑલ્ડ ફેઈથફુલ. દર દોઢ કલાકે આ ફુવારો જીવતો થાય છે. શરૂઆતમાં એમાંથી વરાળના ગોટે ગોટા નીકડે છે અને પછી જોરથી ગરમ પાણીનો ફૂવારો નીકળે છે. આ ફૂવારો જોર પકડીને ૧૫૦ ફૂટ જેટલી ઊંચાઈને આંબે છે, અને પછી ધીરે ધીરે એનો જોશ ઓછો થઈ શાંત થઈ જાય છે.

પાર્ક સંપુર્ણ પણે જોવા માટે બે આખા દિવસનો પણ સમય ઓછો પડે.

## નાયગ્રા ફોલ્સ

અમેરિકા અને કેનેડાની બોર્ડર પર આવેલા નાયગ્રાધોધની ત્રણ ધારાઓ છે. બે ધારાઓ અમેરિકામાં છે અને ત્રીજી ધારા કેનેડામાં છે. સૌથી પહોળી ધારા “હોર્સ શુ ફોલ” કેનેડામાં છે. “અમેરિકન ફોલ” અને “બ્રાઈડલ ફોલ” અમેરિકામાં છે.

નાયગ્રા નદી પર આવેલા આ અમેરિકામાં આવેલા ધોધ આસરે ૭૦ થી ૧૦૦ ફૂટની ઊંચાઈ ધરાવે છે, અને ધોધની પહોળાઈ આસરે ૧૦૬૦ ફૂટ જેટલી છે. વિશ્વના શક્તિશાળી ધોધમાં એની ગણત્રી થાય છે. દર મિનીટે સરેરાસ ૪૦ લાખ ઘનફૂટ પાણી ઉપરથી નીચે પડે છે.

ઊનાળામાં વધારે સહેલાણીઓ નાયેગ્રા જોવા આવે છે. આ ધોધ દિવસે અને રાત્ર એમ બે વાર જોવા જેવા છે. રાત્રે રોશનીમાં એનો નઝારો અલગ જ હોય છે. વરસમાં આસરે ત્રણ કરોડ સહેલાણીઓ આ ધોધની મુલાકાત લે છે. સૌથી વધારે આકર્ષણ બોટમાં બેસીને ધોધની નજીક જવાનું છે. પાણીની પછડાટથી છવાતું ધુમ્મસ જેવું વાતાવરણ ખૂબ જ અનુભવ કરવા જેવું છે. તમે બીંજાઈ ન જાવ એટલા માટે પ્લાસ્ટિકના રેઈનકોટ આપવામાં આવે છે, છતાં તમે તદ્દન કોરા તો ન જ રહી શકો.

# ઉપસંહાર

અમેરિકા આંગતુકોનો બનેલો દેશ છે. મોટા ભાગના લોકો યુરોપના જુદા જુદા દેશમાંથી આવેલા છે. શરૂઆતમા આ યુરોપિયનો આફ્રીકાના લોકોને ગુલામો તરીકે લઈ આવેલા, એટલે અહીં આફ્રીકનોના વંશજો પણ છે. આજે અમેરિકામાં ૮૦ % યુરોપમાંથી આવેલા ગોરા અમેરિકનો છે, ૧૩ % આફ્રીકી વંશના કાળા અમેરિકનો છે, ૪ % લોકો એશિયામાંથી આવેલા લોકો છે, જેમા ભારતીય લોકોનો પણ સમાવેશ થઈ જાય છે, ૧ % અમેરિકાના મૂળ વતનીઓ છે અને બાકીના ૨ % અન્ય દેશોમાંથી આવેલા લોકો છે.

આમ ૮૦ % યુરોપિયન લોકોના વંશજો હોવાથી અહીંની સંસ્કૃતિ ઉપર યુરોપની અસર વધારે હોય એ સ્વભાવિક છે, પણ અન્ય લોકો પોતાની સંસ્કૃતિ વગર રોકટોકે જાળવી શકે છે. હિન્દુ મંદિરો અને ગુરૂદ્વારાઓ આનો પુરાવો આપે છે.

અમેરિકનો અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરે છે પણ એમને શનિ-રવિનો બેસબૂરીથી ઈંતજાર હોય છે. આ રજાના બે દિવસો માટે તેઓ અગાઉથી કાર્યક્રમ ઘડી રાખે છે, જેમા કપડા ધોવાનો, ખરીદીનો, ફરવા જવાનો અને મિત્રોને અને સંબંધીઓને મળવા જવાના ફાર્યક્રમોનો સમાવેશ થાય છે. ટી.વી. માં રમત-ગમતના કાર્યક્રમોમાં એમની રૂચી વધારે હોય છે.

૫૦ જેટલા રાજ્યોનો બનેલો આ દેશ એટલો બધો વિશાળ છે અને ઉપર કેનેડા અને નીચે મેક્ષિકો સિવાય બીજા કોઈ દેશની સરહદ ન હોવાથી અમેરિકાની પોતાની જ એક આગવી દુનિયા છે. મોટાભાગના અમેરિકનો પોતાના જીવનકાળ દરમ્યાન આખો દેશ પણ જોઈ શકતા નથી.

મોટાભાગની રમત-ગમતની હરિફાઈઓ આંતર-રાજ્યો વચ્ચે હોય છે, દા.ત. એટલાંટાની ટીમ ન્યુયોર્કની ટીમ સામે રમે. જો કે ઓલંપિક, ટેનિસ વગેરે આંતરરાષ્ટ્રીય રમતોમાં પણ અમેરિકનો રસ ધરાવે છે.

મોટા ભાગના અમેરિકનો દેશાભિમાન ધરાવે છે અને "આઇ લવ માય કન્ટ્રી" આ વાત એમની જીભે સરળતાથી આવે છે. એમના દેશ-પ્રેમને ધ્યાનમાં લેતાં, અમેરિકા વિષે ટીકા કરવા પહેલા બે વાર વિચાર કરવાની મારી સલાહ છે.

આમ તો અમિરિકનો અન્ય લોકો સાથે સહેલાઈથી હળી-મળી જાય છે, પણ મારી આ વાતને સમજવામા ભૂલ ન કરતા અને બહુ સહેલાઈથી એ તમારા મિત્ર બની જશે એમ ધારી ન લેતા. અમેરિકનો એમની privacy ને ખૂબ જ મહ્ત્વ આપે છે. અગાઉથી નક્કી કર્યા વગર કોઈ અચાનક એમના ઘરે પહોંચી જાય એ એમને જરાપણ ન ગમે, ભલે એમને વાતચીતમા "ગમે ત્યારે આવો" કહ્યું હોય, અહીં "ગમે ત્યારે" નો અર્થ ગમે ત્યારે નક્કી કરીને આવો, એવો કરવો.

મોટા ભાગના અમેરિકનો "ફન લવીંગ" છે અને પોતાનો ફ્રી સમય પોતાને આનંદ આવે એવી પ્રવૃતિમાં ગાળવા માંગે છે. તેઓ અધિર જરૂર છે પણ અશિસ્ત નથી. લાઈનમાં ઉભા રહેવાનું ન ગમતું હોય તો પણ શિસ્તબધ્ધ રીતે લાઇનમાં ઉભા રહે છે. એમની સાથે વાતચીત કરતી વખતે હોંકારો આપજો, માથું હલાવજો, હા, હા, કરજો, નહિં તો એમને લાગસે કે તમે એમની વાત સાંભળતા નથી.

રસ્ત ચાલતા કોઈ સામા મળે તો 'સ્માઈલ' કરસે, હાય કહેસે કે ગુડમોર્નિંગ કહેસે; પણ બસ આટલું જ. આ એક શિષ્ટાચાર છે, એથી વધારે કશું નથી. વાત કરતી વખતે ભાષાનું ખાસ ધ્યાન રાખવું પડે, એમને માઠું તરત લાગી જાય.

અહીંની જીંદગીમાં ઝડપ છે, લોકો ઇમાનદારીથી કામ કરે છે. અઠવાડિયામાં પાંચ દિવસ પૈસા કમાવા ઉપર જ ધ્યાન કેંદ્રિત કરે છે. કામ હોય ત્યારે ખાવા-પીવાનું પણ અર્ધા કલાકમા પતાવી લે છે. કામ કરતી વખતે વસ્ત્રો તદ્દન સાદા અને સામાન્ય હોય છે, ઘરેણાં તો દેખાતા જ નથી. તમે શું પહેરીને કામે આવ્યા છો એની કોઈને પડી નથી.

આખરી પડાવના એક વર્ષ દરમ્યાન મારા ધ્યાનમાં માત્ર આટલું આવ્યું છે. પ્રત્યેક વ્યક્તિને અલગ અલગ અનુભવો થયા હશે, મેં તો માત્ર મારા અનુભવો અને નિરીક્ષણોની વાતો જ અહીં કરી છે.

# પ્રતિભાવ

(૧) એક નવલકથામાં સમાય એવું રોમાંચક જીવન કેટલાક પૅરેગ્રાફમાં સંકેલી આપે અમને ચકિત કર્યા અને નિરાશ પણ. નિરાશ એટલા માટે કે માતાપિતાની છત્રછાયા અને દસ ભાઈ-બહેનોના પરિવારમાં અનુભવેલું - આપના શબ્દોમાં - આપના ભાગનું સુખ અને આપના ભાગનું દુ:ખ - જેના વિશે કશું ન લખ્યું. જો કે તેનો અણસાર આપીને વાચકને વિચાર કરતા કર્યા!

એક રીતે જોવા જઈએ તો આપે હવે નવા પડાવ તરફ પ્રયાણ કર્યું છે - સાહિત્યના ક્ષેત્રમાં. આપની સાથે મિત્રતા થઈ અને આપની કલમ દ્વાર સમ્પર્ક ચાલુ રાખ્યો તે માટે આપનો આભાર. આ ભાઈચારો તથા આપના પરિવાર સાથેના સાહચર્યનો આનંદ લાંબો સમય સુધી ચાલતો રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

નરેન્દ્ર ફણસે

(કેપ્ટન નરેન્દ્ર ફનસે)

(૨) **Dear Davda bhai,**

**Greetings from Nadiad, Gujarat where I came a week ago from Florida. It appears that you are fortunate for making a rational decision and to have absolute faith in your children. Unfortunately, I have seen reality of American influence in children who have settled down in USA, which is not very comfortable to parents who have lived in India most of their lives!**

**I know many parents who have returned back to India even though they and their children have spent many years in USA. For some people, the friends, relatives and social structure as well as what cultural programs India offers may be a strong force for returning to India. You and your wife are fortunate to be able to adapt to USA at a later stage in life. I come to India over the past seven years for six**

**months a year to do teaching and research at Dharmsingh Desai University in Nadiad as volunteer professor after spending fifty five years in America! What I receive from my colleagues and students is most satisfying in my retirement years! The cultural programs I am able to see is the icing on the cake!**

**Best of Luck in USA in your retirement years and it looks that you have adapted very well to what America offers!!**

**Dinesh O. Shah**

**(Dr. Dinesh O. Shah, Professor Emeritus and the First Charles Stokes Professor of Chemical Engineering and Anesthesiology, University of Florida)**

(૩) આપણી નિખાલસતા અને અમેરિકામાં સેટ થવાની સમજ ખુબ સારી અને પ્રેરણા લેવા જેવી છે. પોતાની અંગત સત્ય વાતો, સહજ ભાવે સહુને જણાવી છે એ આપની નમ્રતા અને મહાનતા છે. આપને ખૂબ ખૂબ અભીનંદન.

પ્રતાપભાઈ પંડ્યા

વડોદરા, ઈન્ડિયા.

(ડો. પ્રતાપભાઈ પંડ્યા, પુસ્તક પરબના પ્રણેતા)

(૪) વહાલા ભાઈ,

તમારા લખાણનો પહેલો હપ્તો બહુ જ ગમ્યો. તમારા અમેરીકા વસવાટના આવી અંગત અનુભુતી, ત્યાં બનેલા પ્રસંગો, તમને થયેલા સારા-મીઠા-માઠા અનુભવો, અવનવા પ્રસંગો વાંચવાની અમારી ઇન્તેજારી રહેશે. અમેરીકા વીશે અવનવું જાણવામાં લોકોને હજી ભારે રસ છે. તમારી કલમને સફળતા ઇચ્છું..

..ઉ.મ.

(શ્રી ઉત્તમ ગજ્જર, સન્ડે-એ-મહેફીલ ના સંચાલક)

(૫) વાંચીને ખુબ આનંદ થયો. હાલના યુગમાં સમયની દોડ સાથે દોડતાં સંતાનો સાથે ગોઠવાવાનું આવે ત્યારે અરસપરસના પ્રેમને કારણે ગોઠવાઈ તો જવાય છે પણ માબાપ માટે બાળકોની જીવનરીતીમાં ગોઠવાવાનું અત્યંત કપરૂં છે. તે કરી શકવા માટે આપને અને આપના સંતાનોને બંનેને ધન્યવાદ! આપના લખાણોમાં આપના સ્પષ્ટ અને સત્ય વિચારોનું પ્રતિબિંબ જોઈ શકાય છે. આપની અનેરી અને ઊંચી પ્રત્તિભાને વંદન સહ...

રેખા સિંધલ

(૬) "અંતિમ પડાવ(૧)" લેખમાં "દાવડાજીવનના ૭૫ વર્ષ" નું તમે કહી દીધું,

વાંચી હૈયે ખુશી થઈ, કેમ કે ચંદ્રે તો એક મિત્ર વિષે ખુબ જ જાણી લીધું.

૭૫ વર્ષ બાદ પણ, જગમાં જીવન તો જરૂર વહેતું જ રહે, જે હશે તેમાં પ્રભુકૃપા જ હ્શે એવું આજે ચંદ્ર સૌને કહે.

બ્લોગ જગતે પ્રવેશી, દાવડાજીને વિશાળ અમેરીકાનો દેશ નાનો લાગે,

મિત્રતાના ભાવ એમનો ભારત સિવાય વિશ્વમાં પણ મહેકી રહે,

તમારા લેખનના પ્રતિભાવો ૨૧ વાંચ્યા, પણ જરૂર બીજા ઘણા હશે,

કુલ્લે જે હશે તે, પણ તે સર્વમાં આ "ચંદ્ર પ્રતિભાવ" હંમેશ તમોને યાદ રહે,

"પીકે" બસ, આટલી જ છે ચંદ્રની આશા, વધુ હું કાંઈ ના માંગુ,

મિત્ર છું તમારો તો માંગવાનો હક્ક છે મારો, અંતે આટલું જ હું કહું !

....ચંદ્રવદન

(ડો. ચંદ્રવદન મિસ્ત્રી)

(૭) દાવડાભાઈ,

તમારા અમેરિકાના આગમન માટે સ્નેહીઓએ કેટલો બધો સ્નેહ વ્યકત કર્યો એ જાણી મને ઘણી ખુશી થઈ. હું તો તમારા પડોશના એરિઝોનાના રણમાં ઝુંપડું બાંધીને એકલો રહું છું, તમારા જેવાના કાગળો વાંચું છું અને મઝા કરૂં છું. તમારા કુટુંબીજનોને અને તમારા ત્યાંના મિત્રમંડળને આતાશ્રીના જય જીનેન્દ્ર

(શ્રી હિમ્મતલાલ જોશી-આતા)

(૮) સરસ ! ઈવન "ઈશ્વર ને " અવ્યક્ત દશામાંથી " અભિવ્યક્તિની મહેચ્છા જાગી ....

અને જેવું ઉત્તમ સર્જન થયું . તમને પણ અંતરનો ઉઘાડ થાય તે ગમ્યું ....કરતા રહો છો.

ભીતરમાં "સારું" લાગે અને આનંદની લહાણ અનુભવાય એથી વિશેષ ખપે શું?

આઈ ટુ જોઈન ધી પરેડ ઓફ "બેસ્ટ વિશેસ" એટ ધીસ જન્ક્ચર .

LOVE ...PEACE AND JOY 4 U

- La' Kant /

(૯) વહાલા દાવડા સાહેબ,

'અંતીમ પડાવ – 1 અને 2' બન્ને મળ્યા. પોણોસો વરસની આપની જીવનઝરમર અને તે પરત્વે મીત્રોના પ્રતીભાવ માણી હૈયું પુલકીત થઈ ઉઠ્યું. આપશ્રી સુંદર સમાજસેવા કરી રહ્યા છો, તે માટે તેમજ આપશ્રીએ મને બે વખત ફોન કરીને ખુબ જ નમ્રતાથી લખવા રાજી કર્યો તે માટે આપશ્રીને નતમસ્તક વંદન...ધન્યવાદ.

વહાલા વડીલ,

તમે મોકલાવેલ સાતેય પડાવ ધ્યાનથી વાચ્યા.. હું ખુબ જ પ્રભાવીત થયો. તમને

નત મસ્તક વંદન...કુશળ હશો. ધન્યવાદ. ..ગો.મારુ..

(૧૦) આદરણીયશ્રી દાવડા સાહેબ,

આપની આ લેખમાળા એટલે જીંદગીનું જીવંત પ્રસારણ....એક આગવી રીતે સમાજમાં જીવ્યા..આગળ વધ્યા...સૌને ડાળે વળગાડ્યા ને બે માળાનું પંખી બન્યા (આપણું વતન ને પુત્રનું વતન). સ્વાસ્થ્ય સારું, એ મોટી ઉપલબ્ધી..માણો..ને મળતા રહીએ....

આપે અમેરિકામાં આવી ઈન્ટરનેટથી ..સરસ લેખમાળાઓ થકી, જીવનની અભિવ્યક્તિ પોતાની અને મિત્રોની કરાવી, એક સાહિત્યિક યોગદાન દઈ દીધું છે.સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરના પ્રવાસ વર્ણનની, જેમ આપની દરેક શ્રેણીઓ, અનુભવથી ઊભરી છે, ને મહત્ત્વની છે.જીવનમાં અનેક પ્રશ્નો આવે, પડકાર દે ને અલગ અલગ રીતે પરચો દે.સમાજમાં પણ અનેક તરહના લોકો ભેગા થાય...અમેરિકા એટલે જાણે પૃથ્વી પરની દરેક સંસ્કૃતિનાં મોડેલનું મ્યુઝીયમ...દરેક દેશનાં જમણ ને પહેરવેશ..બધું જ જાણવા..ખાવા ને માણવા મળે..જો કમાઈ જાણો તો!....પડાવ પર પડાવ નાખી, તંબુતાણી...પ્રવાસી ગાથા કહેતા જાઓ...એવી શુભેચ્છાઓ.

રમેશ પટેલ(આકાશદીપ)

(૧૧) ભાઇશ્રી દાવડા

આટલા બધા મિત્રોના પ્રતિભાવ અને શુભેચ્છાઓ વાંચી ખુબ આનંદ થયો આપનું સ્વાસ્થય અને ફેમિલીનો પ્રેમ અકબંધ રહે એવી પરમાત્માને પ્રાર્થના

પ્રભુલાલ ટાટારીયા

(૧૨) સતત બદલાવનુ નામ જ જીવન છે. ૭૫વર્ષના જીવનને ખુબ યાદ કરીએ તો માંડ ૭૫ મિનિટ ની કથા કરી શકાય. અંતસમયે દરેકને લાગે કે જીવન સ્વપ્નવત વહ્યું ગયું અને હાથ રીક્ત રહ્યા. માણસનો સ્વભાવ જ એવો છે જે નથી મળતું તેની કામના કરે છે, જે

મળી જાય છે તેનીપર હક્ક-દાવો-અધિકાર કરે છે, અને જે ચાલ્યું જાય છે તેની પર અફસોસ. શેષ જીવન મંગળમય બને તેવી શુભેચ્છાઓ.

પાકિસ્તાની સુફી સંગિત ગાયિકા આબિદા પરવીનનો એક સંગિતનો કાર્યક્રમ તાજમહલના પ્રાંગણમાં રાખવામાં આવ્યો હતો. પરવીનની ગાયકી અને તાજની પુનમની રાત્રી, લોકોએ મંત્રમુગ્ધ થઈ પ્રોગ્રામ માણ્યો. પ્રોગ્રામના અંતે એક
પત્રકારે પરવીન પાસે જઈ સવાલ પૂછ્યો, " આપને પાકિસ્તાનની સરખામણીમાં ભારત કેમ લાગ્યું?"
પરવીનનો ઊત્તર હતો," જમીનપર લકીરેં ખીંચનેસે કહીં ભારત તો કહીં પાકીસ્તાન બન જાય, ઉસસે સંગિતકો કોઇ ફર્ક નહીં પડતા. સંગિતકે પ્રેમી વહાંભી હૈ ઔર યહાંભી હૈ. ઔર લકીરે પ્રેમમેં દરાર નહી કર સકતી. અચ્છાઈયા ઔર બુરાઈયા વહાંભી હૈ ઔર યહાંભી હૈ. સવાલ યહ હૈ કી હમ ક્યા ચુનતે હૈ."
ભારત હોય કે અમેરિકા કે અન્ય દેશ. આ નિયમ બધે લાગુ પડે છે. આપણી વૃત્તિ ઉકરડા ફેંદવાની હોય તો અમેરિકામાં અને ભારતમાં ઉકરડા મળી જ રહે છે. અસલી સવાલ ઉકરડાઓનો નહીં પણ આપણી વૃત્તિઓનો હોય છે. એટલે મારા ગુરુ કહેતાં," પ્રવૃત્તિ બદલવાથી કાંઈ નહી વળે, વૃત્તિઓ બદલાય તે મહત્વનુ છે." ભારતમાં રહીએ કે અમેરિકામાં વૃત્તિઓ કેટલી બદલાય છે તેની ઉપર જીવનમાં કુલો ખિલવાની સંભાવના વધે છે.શેષ જીવનમાં અનેક કુલો ખિલે તેવી શુભેચ્છાઓ.

આપે ઉલ્લેખ કર્યો છે કે ગોરા લોકો પ્રત્યે આપણા મનમાં એક પ્રકારની ગ્રંથી બંધાયેલી છે. પરંતુ થોડું ઉંડાણથી જોશો તો જણાશે કે આપણે અનેક પ્રકારની ગ્રથીઓ બાંધી છીએ અને એ ગ્રંથીઓ આપણી પીડાનુ કારણ બને છે. પાકિસ્તાનિ માટે , મુસ્લિમ માટે, સ્ત્રી માટે, વાણિયા માટે, પુત્ર માટે, પત્ની માટે,
પડોશી માટે આમ આપણા દરેક સંબધો ગ્રંથી ગ્રસ્ત હોય છે. પરિણામ સ્વરુપ સંબધોમાં થી મિઠાશ ઉડી જાય છે અને જીવન નર્ક બની જાય છે. પણ આપણી બેહોશી એટલી સઘન હોય છે કે ક્યારેય આપણને આપણા પોતાના રોગ દેખાતા નથી. જેવા રોગ

દેખાય (ડાયોગ્નોસિસ થાય) તો કોઈ ડોક્ટર પાસે જવાય અને તેનો ઈલાજ કરી શકાય અને રોગ મુક્ત થઈ શકાય. અસલ ધર્મનુ કાર્ય છે રોગ મુક્તિ. નકલી ધર્મનુ કાર્ય છે રવાડે ચઢાવવું.

બાકી રુણાનુબંધનો ખુબ અકળ છે. કયા જીવ લેણીયા છે અને કયા જીવ દેણીયા તે નથી કળી શકાતું.ક્યારેક ખુબ નજીકના જીવો જ લેણીયા હોય અને તે લઈને જાય અને દુરના જીવો દેણીયા હોય અને દઈને જાય છે.મારા એક મિત્ર નામે નિપુણભાઈ શાસ્ત્રી અમેરિકા આવ્યા અને શરુઆતમાં ખુબ સ્ટ્રગલમાંથી પસાર થતાં હતાં ત્યારે એક પાકિસ્તાનીએ તેમની ખુબ મદદ કરી અને આજે બન્નેની વચ્ચે સગા ભાઈ કરતાં વધુ ગહેરા સંબંધો છે.બસ આવું આ જગત રહસ્યોથી ભરપુર છે.કેટલાંક રહસ્યો ઊકેલી શકાય છે પણ મોટાંભાગના ફક્ત જીવવા માટે છે,તેનો આનંદ લેતા જવું. આમ કેમ? કરતાં આ જ છે તેમ સ્વિકાર જીવનને આનંદથી ભરે છે.

શેષ શુભ.

પ્રભુશ્રીના આશિષ.

શરદ શાહ

(૧૩) આદરણીય દાવડા સાહેબ, આપની વિચક્ષણ પ્રતિભાને કારણે કોઈ દસ વરસે ન સમજે એવી વાતો એક વરસમાં સમજી લીધી છે. આનંદની વાત છે.

હરનિશના સ્નેહવંદન.

(૧૪) Very happy to read this.This shows your open and broad mind to accept people the way they are. I also respect Americans and their manners equally like us even though I am proud to be an Indian. All human beings have plus & minus including us. So best way is to respect and love each other.

Very good Davda Saheb. - Devika Dhruva